Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431.

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

आत्मानन्द प्रकाश.

स्रग्धरावृत्तम् ॥

लक्ष्मीवान् स्वीयलक्ष्मीं विसृजतु परमौदार्ययुक्तः सुकार्ये
विद्यावान् स्वीयविद्यां वितरतु परमादादराद्वै सुशिष्ये ।
लक्ष्मीविद्याद्वयं तन्निवसतु परमैक्येन सर्वेषु सत्सु
आत्मानन्द प्रकाशाद् भवतु सुखयुतो मर्त्यलोकोऽपिनाकः ॥१॥

पु. १८. | वीर सं. २४४८ ज्येष्ट आत्म सं. २६ | अंक ११मो

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

વિષયાનુક્રમણિકા.

વિષય.	પૃષ્ટ.	વિષય.	પૃષ્ટ.
૧ સમયનો સદુપયોગ.	૨૮૩	૫ ઉપમિતિ ભવપ્રપંચ કથામાંથી કેટલાક વચનો.	૨૯૭
૨ સ્વ ઓળખાણ સંબંધી સ્થુળ વિચારણા....	૨૮૯	૬ મુર્ખ શતક.	૩૦૦
૩ શાંતિમય જીવનની ઘટના. ...	૨૯૩	૭ ગ્રંથાવલોકન.	૩૦૩
૪ ધર્મ—શ્રદ્ધાળુ યાત્રિક જનોને અતિ અગત્યની સૂચના.	૨૯૪	૮ વર્તમાન સમાચાર.	૩૦૫

વાર્ષિક મુલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્માનંદ પ્રકાશના ચાલતા (અઢારમા) વર્ષની અપૂર્વભેટ.

શ્રી ઉપદેશ સિત્તરિ ગ્રંથ—ભાષાંતર.

શ્રી આત્માનંદ પ્રકાશના સુજ્ઞગ્રાહકોને આ અઢારમા વર્ષને માટે" શ્રી ઉપદેશ સિત્તરિ" (અપૂર્વ ઉપદેશ સાથે અનેક કથાઓ સહિત) સુમારે વીશ ફારમનો મોટો ગ્રંથ ભેટ આપવા માટે છપાઇ તૈયાર થયેલ છે, આવી સખ્ત મોંઘવારી છતાં દર વર્ષે નિયમિત ભેટ આટલા ફારમની મોટી ભેટની બુક (માસિકનું લવાજમ કાંઇ પણ નહિ વધાર્યા છતાં) આપવાનો ક્રમ માત્ર આ સભાએજ રાખ્યો છે, તે અમારા માનવંતા ગ્રાહકોની ધ્યાન બહાર હશેજ નહી, તેનું કારણ માત્ર જૈન સમાજને સસ્તી કિંમતે—ઓછી કિંમતે વાંચનનો બહોળો લાભ આપવાના હેતુને લઇનેજ છે. જેથી દરેક જૈન બંધુએ આ માસિકના ગ્રાહક થઇ તેનો લાભ લેવા સાથે જ્ઞાન ખાતાને ઉત્તેજન આપવા ચુકવું નહિ. અમારા માનવંતા ગ્રાહકોને આ વર્ષની ભેટની બુક આવતામાસથી વી. પી. થી મોકલવાનું શરૂ થશે જેથી જે ગ્રાહક મહાશયે અત્યારસુધી માસિકના ગ્રાહક રહ્યા છતાં વી૦ પી૦ ન સ્વીકારવુ હોય તેમણે હાલમાંજ અમોને પત્ર દ્વારા જણાવવું કે જેથી નાહક જ્ઞાન ખાતાને નુકશાન ન થાય; પરંતુ બાર માસ સુધી ગ્રાહક રહી અંકો રાખી પછવાડે ભેટની બુકનું લવાજમ વસુલ કરવા વી. પી. થી મોકલવામાં આવે, ત્યારે પાછી મોકલી નકામો ખર્ચ કરાવી વિના કારણ જ્ઞાન ખાતાને નુકશાન કરવું અને તેના દેવાદાર રહેવું તેમ પોસ્ટ ખાતાને નકામી તકલીફ આપવી તે યોગ્ય નથી. માટે જેઓને ગ્રાહક ન રહેવું હોય તેઓએ અમોને સ્પષ્ટ ખુલાસો લખી જણાવવો એવી નમ્ર સુચના કરીયે છીયે.

જલદી મંગાવો. **જલદી મંગાવો.**

માત્ર થોડીજ નકલો સીલીક છે.

"શ્રીદેવભક્તિમાળા પ્રકરણ ગ્રંથ."

(જેમાં પાંચ પ્રકારની પરમાત્માની ભક્તિનો સમાવેશ કરવામાં આવેલ છે)

ઉપરોક્ત ગ્રંથ જેમાં પરમાત્માની ભક્તિનું સ્વરૂપ. ૧ પૂજા ભક્તિનો પ્રભાવ ૨ આજ્ઞા ભક્તિ, ૩ દેવ દ્રવ્ય સંરક્ષણ ભક્તિ ૪ મહોત્સવ ભક્તિ, ૫ તીર્થ યાત્રા ભક્તિ એ પાંચ પ્રકારની ભક્તિનું આગમ પ્રમાણે અને શાસ્ત્રીય દ્દષ્ટાંતો આપી શંકા સમાધાન સહિત યથાર્થ સ્વરૂપ આ ગ્રંથમાં લખવામાં આવ્યું છે. આ ગ્રંથના લેખક પંન્યાસજી દેવવિજયજી મહારાજ છે. ગ્રંથ ખરેખર મનનીય અને પ્રભુ ભક્તિ કરવા માટે એક ઉત્તમ સાધન અને આલંબનરૂપ છે; તેમજ પ્રાણીને મોક્ષ માર્ગે જવા માટે એક નાવ રૂપ છે. આ ગ્રંથ પ્રથમથી છેવટ સુધી વાંચવાની ખાસ ભલામણ કરીએ છીએ. ઉંચા ઈંગ્લીશ કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી તે પ્રકટ કરવામાં આવ્યો છે. બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારથી સુશોભિત કરવામાં આવેલ છે. પચીશ ફારમ બશેં હુ પાનાનો આ ગ્રંથ જેની કિંમત માત્ર રૂ. ૧–૪–૦ સવા પોસ્ટેજ જુદું. માત્ર જુજ કોપી બાકી છે. જોઈએ તેમણે આ સભાને શિરનામે લખી મંગાવવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शरीरमानसानेकातिकटुकदुःखोपनिपात-पीडितेन तदपनयनाय हेयोपादेय–पदार्थपरिज्ञाने यत्नो विधेयः

पुस्तक १८] वीर संवत् २४४८ ज्येष्ठ. आत्म संवत् २६. [अंक ११ मो.

સમયનો સદુપયોગ.

(વિઠ્ઠલદાસ મૂ. શાહ.)

“ Eacn day is a litte life. ”

“ પ્રત્યેક દિવસ આપણા જીવનનો એક અંશ છે. ”

પ્રિય વાંચકો ! ગત લેખમાં એ બતાવવામાં આવ્યું કે મનુષ્યનું સૌથી પહેલું કર્તવ્ય શારીરિક સ્વસ્થ્યનું રક્ષણ કરવું તે છે. નિરોગીતા વગર કોઇ પ્રકારની ઉન્નતિ યથેષ્ટ સમયમાં કદિ પણ થઇ શકતી નથી પરંતુ જો આપણે કેવલ સ્વસ્થ રહીને અન્ય વિષયો તરફ દુર્લક્ષ કરીએ તો પણ આપણું મનુષ્ય–જીવન સફલ થઇ શકતું નથી કેમકે આ જીવન અનેક વાતોનું મિશ્રણ છે અર્થાત્ આપણી સાંસારીક સફલતાના અનેક અંગો છે જો આરોગ્યતા ઉન્નતિનું મૂળ છે તો સમયનો સદુ-પયોગ કરવો તે પણ આત્મોનતિનું એક પ્રધાન અને અત્યાવશ્યક અંગ છે.

જો આપણે ધ્યાન પૂર્વક વિચાર કરશું તો આપણને પ્રતીત થશે કે ‘ સમય ’ જ સૌથી અધિક કીમતી વસ્તુ છે પરંતુ જો ખરૂં કહેવામાં આવે તો આપણે કોઇ પણ વસ્તુનો સમયથી અધિક દુરૂપયોગ કરતા નથી; ઘણે ભાગે લોકો ધન સંબંધી વાતોમાં કંઇક વિશેષ વિચાર કરે છે પરંતુ તેઓ સમયની લેશપણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દરકાર કરતા નથી. સમય ધન કરતાં પણ અધિક મૂલ્યવાન છે, નષ્ટ થયેલું દ્રવ્ય મહેનત કરવાથી પુનઃ પ્રાપ્ત થઇ શકે છે, ભૂલાયલી વિદ્યા પુનઃ પઠનથી પણ પ્રાપ્ત કરી શકાય છે. બગડેલું સ્વસ્થ્ય પણ યોગ્ય ઔષધોપચારથી સુધરી શકે છે પરંતુ ગયેલો સમય ગમે તેટલા પરિશ્રમથી પણ કદિ પ્રાપ્ત થઇ શકતો નથી. ઈંગ્લાંડની રાણી એલીઝાબેથને મૃત્યુ સમય નિકટ આવ્યો ત્યારે તે બોલી ઉઠી કે—જો કોઇ મને એક ક્ષણ પણ બચાવે તો તેને અસંખ્ય દોલત આપવામાં આવશે પરંતુ પશ્ચાત્તાપ કરવાથી શું વળે ? પોતાનાં જીવન–કાળમાં તો તેણે એવી સેંકડો ' ક્ષણ ' ની જરા પણ પરવા કરી નહોતી હવે તે અસંખ્ય દોલત અને સમસ્ત રાજ્ય અર્પણ કરે તો પણ ગયો સમય પુનઃ કેવી રીતે પ્રાપ્ત થઇ શકે ? જો કંઇ પણ મળી શકે એમ હોય તો તે પશ્ચાત્તાપજ ! ! સ્મરણમાં રાખો કે સમયની યથાર્થ કિંમત નહિ સમજવાથી એક દિવસ આપણને પણ ઘોર પશ્ચાતાપ કરવો પડશે સત્ય કહ્યું છે કે—

" The moments we forego
Eternity it self cannot retrieve. "

જે ક્ષણ આપણે નકામી ગુમાવી દઇએ છીએ તે પાછી આપવાને સંસારમાં કોઇ પણ સમર્થ નથી, ગયેલો સમય બોલાવવાથી પાછો આવતો નથી, ખરીદવાથી પુનઃ મળી શકતો નથી, જો સમય એટલો બધો બહુમુલ્ય છે તો આપણે એક ક્ષણ પણ વ્યર્થ જવા દેવી જોઇએ નહિ.

સમયનું મહત્વ આટલું બધું હોવા છતાં આપણે તે કેવી રીતે ગુમાવીએ છીએ માત્ર આપણી અસાવધાનીથી. જુઓ ! આપણે સવારનો સમય એવા વિચારમાં ગુમાવીએ છીએ કે આ સમયનું કામ આપણે પળવારમાં કરી લેશું, એનો અર્થ એ થાય છે કે આપણી પાસે સો રૂપીયા છે જેમાંથી આપણે પચાસ રૂપીયા ફેંકી દઇ શકીએ છીએ. સવારમાં કરવાનું કાર્ય બીજા સમય માટે મુલ્તવી રાખવાથી તે કાર્યની સિદ્ધિ સંશયયુક્ત થાય છે એટલું જ નહિ પણ આપણામાં આલસ્યરૂપી શત્રુનું પ્રાબલ્ય વધતું જાય છે. ઘણા લોકો પોતાનો સમય પહેરવા ઓઢવામાં અને પોતાનો સ્વાંગ બનાવવામાં વ્યર્થ ગુમાવે છે ? તેઓ દિવસ રાત તે પ્રકારનીજ ચિંતા રાખ્યા કરે છે એનાથી શો લાભ થાય છે ? તે લોકો અવશ્ય બહારથી સુંદર દેખાવા લાગે છે પણ એટલાથી કંઇ વળતું નથી. શરીર કપડાં વગેરે બાહ્ય દેખાવ ઉપર અવશ્ય ધ્યાન આપવું જોઇએ પરંતું તેમાંજ આપણા જીવનની સાર્થકતા ન માનવી જોઇએ. પણ લોકો પોતાનો ઘણો ખરો સમય ઠઠ્ઠા મશ્કરી કરવામાં ગુમાવે છે અને તેને મનોવિશ્રામ કહ્યા કરે છે એ ઠીક નથી. ઉદાહરણથી આપણને ભોજન સમયે થોડું દૂધ પણ મળવું જોઇએ પરંતુ એકલા દૂધથી કામ ચાલતું નથી. યુવાવસ્થાનો સમય આપણે આનંદ કરવામાં તેમજ મજા ઉડાવવામાં ખરાબ રીતે ગુમાવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપણો આખો દિવસ બહારનાં કામો કરવામાં પસાર થાય છે. થોડો સમય અહીં તહીં ફરવામાં, થોડો વખત ગપ્પા મારવામાં, થોડો સમય આરામ લેવામાં એ રીતે આખો દિવસ પસાર થઇ જાય છે પરંતુ યાદ રાખવું જોઇએ કે—દિવસ ઉગે અને દિવસ આથમે છે એ રીતેજ આખું જીવન પૂર્ણ થઇ જશે. ”

કેટલાક લોકો કાંઇ લખવા વાંચવાની ઇચ્છા થાય છે તો એકાદ જેવું તેવું પુસ્તક લઇને વાંચવા લાગે છે પરંતુ જ્યારે મન થાકી રહેલું હોય છે અથવા અન્ય વાતોમાં લાગેલું હોય છે ત્યાં વાંચવાથી કશો લાભ થતો નથી. વળી કેટલાક લોકો નકામા પુસ્તકો વાંચવામાં સમય ગુમાવે છે, કેટલાક વાંચવાની યોગ્ય પદ્ધતિ નહિ જાણવાથી પોતાનો સમય ગુમાવે છે. અનેક મનુષ્યો એવા જોવામાં આવશે કે જેઓ પોતાની વર્તમાન અવસ્થાની સાથે લેશ પણ સંબંધ નહિ ધરાવનારા પુસ્તકો વાંચ્યા કરે છે એમ કરવાથી કશો લાભ થતો નથી.

એમ આપણે અનેકરીતે સમય ગુમાવીએ છીએ. પ્રથમ આપણને તે ઓછું માલુમ પડે છે પરંતુ જ્યારે આપણે જીવનના સમાપ્તિ–શિખર ઉપર ચઢીને જોઇએ છીએ ત્યારે સમયના અનેક નાનાં નાના કટકા જ્યાં ત્યાં નકામા વેરાએલા નજરે પડે છે. વિચારણીય વાત છે કે જે ક્ષણોને નકામી ગણીને આપણે વ્યર્થ ગુમાવીએ છીએ તે નકામી નાની ક્ષણો ઉપયોગમાં લેવાથી કોઇ ઉદ્યોગી પુરૂષ એકાદ બે નવી ભાષાઓ શીખી લે છે. આ આપણા દેશમાંજ કેટલાક એવા ઉદ્યોગી પુરૂષ જોવામાં આવે છે કે જે જેઓ નોકરી કરવા છતાં ગ્રંથસંપાદનનું કાર્ય કરે છે અથવા અન્ય વ્યવસાયની સાથે સાહિત્ય–સેવા દેશસેવા અને પરોપકાર જેવા મહાપવિત્ર કાર્યો કરવા માટે સમય બચાવી તે કાર્યો બજાવે છે. એટલું નિશ્ચયપૂર્વક કહી શકાય કે સંસારમાં જેટલા પ્રસિદ્ધ વિદ્વાન થયા છે તેઓની સફલતાની કુંચી વાસ્તવિક રીતે તેઓના સમયના–પ્રત્યેક ક્ષણના–સદ્પયોગમંજ રહેલી છે. તેઓમાંના ઘણા તો કોઇ પ્રકારના વિશેષ સ્વાભાવિક અને જન્મસિદ્ધ ગુણ વગર કેવલ પોતાના અચલ પરિશ્રમથીજ–દરેક ક્ષણનો ઉચિત ઉપયોગ કરીને પોતાના નામ ઇતિહાસમાં અમર કરી ગયા છે. એવા મહા પુરૂષોના સુચરિતોથી ઇતિહાસ શોભી રહ્યો છે. જો તેઓએ પ્રત્યેક ક્ષણને તુચ્છ સમજીને તેને ગુમાવી હોત તો તેઓ પોતાનાં સમસ્ત જીવનમાં કંઇ કાર્ય સાધી શકત નહિ એ નિર્વિવાદ છે.

ઉપર્યુક્ત વાતોથી એટલું સિદ્ધ થાય છે કે આપણે ક્ષણેક્ષણનો સદુપયોગ કરવાથી આશ્ચર્યકારક કાર્યો કરી શકીએ છીએ. એનાથી એટલું પ્રકટ થાય છે કે આજકાલના લોકો ‘ ફુરસદ નથી ’ એમ કહીને કેવળ પોતાનું આળસ્ય પ્રદર્શિત કરે છે. એ કથન કેવળ સ્વાર્થી લોકોને શોભા આપી શકે છે. જે મનુષ્યો ‘ સમય નથી મળતો’ એવી ફર્યાદ કર્યા કરે છે તેમાંના ઘણાખરા તો વાસ્તવિક રીતે સમયનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મૂલ્યજ જાણુતા નથી. સમય બચાવવા ચાહીએ તો અવશ્ય બચાવી શકાય છે, માત્ર ઈચ્છા હોવી જોઇએ. ઘણા મનુષ્યો એવા પણ જોવામાં આવે છે કે જેઓ કોઇ સારૂં કાર્ય કરવા માટે ‘ ઉત્તમ તકની ’ રાહ જોયા કરે છે, એ પણ ઠીક નથી. સારાં કાર્યનો પ્રારંભ કરી દેવો જોઇએ; ‘ ઉત્તમ તક ’ ની રાહ જોઇ બેસી રહેવાથી કેવળ સમય નષ્ટ થાય છે. સમય તો એજ ઉત્તમ ગણાય છે કે જેમાં ઉત્તમ કાર્યનો પ્રારંભ કરવામાં આવે. પરંતુ એક વાત અવશ્ય ધ્યાનમાં રાખવી જોઇએ કે કોઇ પણ કાર્ય એકાએક ક્ષણિક જોસમાં આવીને કરી નાંખવું જોઇએ નહિ. એમ કરવાથી કાર્યની સિદ્ધિ થતી નથી, કોઇ પણ કાર્ય ધીમે ધીમે અને થોડું થોડું કરો, પરંતુ તે હમેશાં દૃઢતાપૂર્વક કરો; પછી તમારાં કાર્યની સફલતામાં કોઇ પણ પ્રકારનો સંદેહ રહેશે નહિ. વળી કાર્ય કરવાથી આપણને બે પ્રકારના લાભ થાય છે, એક તો આપણું ઇચ્છિત કાર્ય પૂર્ણ થાય છે અને બીજું આપણામાં કરવાની યોગ્યતા વધતી જાય છે. બસ, આટલાથી આપણે સમજી શકીએ છીએ કે આળસુ મનુષ્ય કરતાં ઉદ્યમી મનુષ્ય કેવી રીતે અધિક કાર્ય કરવા શક્તિમાન થાય છે. આનું એક ઉદાહરણ લઈએ. તમે કોઇ કામકાજમાં રોકાયલા મનુષ્ય પાસે જઇ તેને એક ચિઠ્ઠી લખી આપવાનું કહેશો તો તે તરતજ ચિઠ્ઠી લખી આપશે; પરંતુ તમે એક આળસુ મનુષ્યને એક ચિઠ્ઠી લખવા માટે આખા દિવસનો અવકાશ આપશો તો પણ તે એક ચિઠ્ઠી પણ લખી આપશે નહિ, તેને એક ચિઠ્ઠી લખવા માટે બે ચાર દિવસ અથવા એક અઠવાડીયું જોશે.

કોઇ પણ કાર્ય પૂરૂં કરીનેજ છોડવું જોઇએ, અધુરૂં મુકી દેવાથી કાર્ય પૂરૂં થતું નથી; એટલુંજ નહિ પરંતુ તેનાથી અધુરાં કાર્ય કરવાની ખરાબ ટેવ પડી જાય છે. એક વખત એક વર્તમાન પત્રના સંપાદકે પોતાના એક મિત્ર લેખકને કહ્યું કે “ કેમ ભાઇ ! તમે પ્રસિદ્ધ કરવા માટે એક પણ લેખ આપતા નથી. રાત્રિ દિવસ લખ્યા તો બહુ કરો છો. ” ઉક્ત લેખકે તે સંપાદક પાસે કાગળનો એક ઢગલો લાવી મૂકયો. તેની અંદર અનેક વિવિધ વિષયો ઉપર લેખ લખેલા હતા, પરંતુ તેમાં એક પણ લેખ સંપૂર્ણ નહોતો. તે અપૂર્ણ લેખો વાંચવાથી એટલું અવશ્ય માલુમ પડતું હતું કે લેખકમાં અપૂર્વ વિદ્વતા હતી પરંતુ તે શું કામની ! એક કાગળ ઉપર એક મધુરી કવિતા લખી હતી. બીજા કાગળ ઉપર વિજ્ઞાન સંબંધી અપૂર્ણ લેખ હતો, એક સ્થળે ઉન્નતિ વિષયક એક લેખ લગભગ પુરો થવા આવ્યો હતો, એક બીજા પૃષ્ઠમાં ‘ કર્ત્તવ્ય ’ ઉપર લેખ લખવામાં આવ્યો હતો, જેમાં માત્ર થોડું લખવું બાકી રહ્યું હતું. ટુંકામાં એક પણ લેખ સંપૂર્ણ નહોતો. આ પ્રમાણે કામ કરવાથી શો લાભ ? એનાથી સમયની હત્યા માત્ર થાય છે. એ કરતાં સારૂં તો એજ છે કે કોઇ પણ એક કાર્ય સારી રીતે પૂર્ણ કરી નાંખવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હવે પ્રશ્ન એ રહ્યો કે કયા ઉપાયથી અમૂલ્ય વખત વ્યર્થ જવા ન પામે ? તેના જવાબમાં એટલુંજ કહેવું પડશે કે જે મનુષ્યના 'પ્રત્યેક કાર્ય માટે સમય અને પ્રત્યેક સમય માટે કાર્ય' નિમિત રહે છે તેની એક ક્ષણ પણ વ્યર્થ જવા પામતી નથી. આ વાત કહેવા સાંભળવામાં જેટલી સરલતા છે તેટલી અથવા તેથી અધિક કઠિનતા તે પ્રમાણે કરવામાં રહેલી છે. ઘણા લોકોથી આ નિયમિતતાનો પાઠ શીખવાનું બની શકતું નથી. એ પાઠ કઠિન છે, પરંતુ સમયના સદુપયોગનો આધાર કેવળ એ તત્વપરજ રહેલો છે. એટલા માટે હજારો મુશ્કેલીઓ અથવા બાધાઓ આવી પડે તો પણ એ પાઠ અવશ્ય ભણવો પડશે. માત્ર એકજ કાર્ય કરો, પરંતુ તે તેના ઉચિત અને નિયમ સમયે કરવાની ટેવ રાખો. જે મનુષ્ય નિયત સમયે સર્વ કાર્યો કરવાની ટેવ રાખે છે તેને માટે સદાચારી બનવાની અધિક સંભાવના રહે છે, એવો મનુષ્ય પોતાની પ્રતિજ્ઞાનો કદી પણ ભંગ કરતો નથી. નિયત સમયે કાર્ય કરનાર મનુષ્યને હમેશાં સુખ–શાંતિ મળે છે, એટલા માટે પ્રત્યેક સમય માટે કાંઈ ને કાંઇ ઉપયોગી કાર્ય નિયત કરી રાખો. જ્યારે તમારા ચોવીસ કલાક યથાક્રમ વ્યતીત થશે ત્યારે તમારાં મનને ખરાબ વાતો તરફ દોડવાનો અવસર મળશે નહિ, તેમજ તમારે દુઃખિત અથવા લજ્જિત થવું પડે એવાં કાર્યો કરવા સમય મળશે નહિ. પરંતુ એક વાત છે; તમારે સમયની સારી રીતે વ્હેંચણી કરવી પડશે. તેની વ્યવસ્થા પૂર્ણ અને સમુચિત રીતે કરવી પડશે. વેગથી ફરનારૂં ચક્ર એક મહાન યંત્રને ચલાવી શકે છે, પરંતુ તે ચક્રમાં જરા પણ તુટી પડે છે તો તે ચક્ર તેમજ યંત્ર તદ્દન નિરૂપયોગી થઇ પડે છે. એવીજ રીતે નિયત સમયે કાર્ય કરનાર માણુસ જો એક પણ મિનિટ વ્યર્થ ગુમાવે છે, તેના આખાં કાર્યરૂપી યંત્રનો ક્રમ તદ્દન બગડી જાય છે.

મનુષ્યના સુખદુઃખનું કારણ એનું મન છે એ વાત સત્ય છે. આપણાં મસ્તિષ્કનો સ્વાભાવિક ધર્મ છે કે કાંઇને કાંઇ કાર્ય કરતાં રહેવું. આપણા ઉપર કેવળ એટલુંજ નિર્ભર છે કે આપણા મનને સદ્વિચારો કે અસદ્વિચારો તરફ દોડાવવું. જે બાજુની લગામ ઢીલી મૂકવામાં આવે છે તે તરફ એ મનરૂપી ઘોડો દોડે છે. આપણાં શરીર–રક્ષણની ખાતર તેને સારા માર્ગે ચલાવવું એ આપણું કામ છે, ઘણે ભાગે અવકાશના સમયમાં અનેક માનસિક વિકારો ઉત્પન્ન થયાં કરે છે, એટલા માટે તે સમયને પણ કોઇ રીતે ઉપયોગમાં લેવો જોઇએ, એ સમયમાં આપણે ચાહીએ તો કોઇ સન્મિત્રની મુલાકાત લઇ શકીએ છીએ, કોઇ મનોરંજક રમત ગમત કરી શકીએ છીએ, કોઇ પ્રાકૃતિક દૃશ્યનું સુખ અનુભવી શકીએ છીએ, કોઇ ઉપયોગી પુસ્તક વાંચી શકીએ છીએ અથવા સ્ફુર્તિ અને સ્વાસ્થ્ય જનક કોઈ શારીરિક કાર્ય પણ કરી શકીએ છીએ. પ્રાયઃ જોવામાં આવે છે કે એવા સમયમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(જ્યારે મનને કોઇ કઠિન કાર્ય કરવું પડતું નથી અને તે સ્વતંત્ર રહે છે ત્યારે) આપણાં મનની અંદર અચાનક કોઇ ભાવપૂર્ણ અને સુખદાયક વિચાર આપોઆપ ઉત્પન્ન થઇ જાય છે, જે એકાન્તમાં બેસી ઇચ્છા કરવાથી પણ ઉત્પન્ન થતો નથી, એટલા માટે એવા અવકાશના સમયમાં પણ કાગળ પેન્સીલ અવશ્ય સાથે રાખવાં જોઇએ.

સમયનો સદુપયોગ અનેક ઉપાયોથી કરી શકાય છે, પરંતુ એટલું લક્ષમાં રાખવું જોઇએ કે આપણા દૈનિક કાર્યક્રમનો વિભાગ કર્યા વગર સમયનો સદુપયોગ થવો અસંભવિત છે. સમયનો સદુપયોગ કરવાની એ એક સારી રીતિ છે કે પ્રાતઃ-કાળમાં જાગૃત થયા પછી ' આજ આખા દિવસમાં મારે શું કાર્ય કરવાનું છે ' તેનો સંકલ્પ કરી લેવો જોઇએ, પછી રાત્રે સૂતી વખતે નિષ્પક્ષભાવથી એટલી આલોચના કરી લેવી જોઇએ કે ' મેં સર્વ કાર્યો ઉચિત રીતિથી ઉચિત સમયે કર્યાં છે કે નહિ ? જો નથી કર્યાં તો તેનું કારણ મારૂં આલસ્ય તો નથી ? ' આ પ્રકારનાં આત્મ–નિરીક્ષણની ખાસ અગત્ય છે, કેમકે તેનામાં ગુણ દોષ શોધી કાઢવાની અને આત્મોન્નતિ સાધવાની વિલક્ષણ શક્તિ રહેલી છે. અનેક લોકોનું જીવન આત્મ–નિરીક્ષણના અભાવથીજ દુઃખદાયક બની જાય છે. અતએવ જો તમારે વર્તમાન તેમજ ભાવી જીવન–સંગ્રામમાં સફલતા પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો અત્યારથીજ તમારે આત્મ–નિરીક્ષણનો અભ્યાસ કરીને એટલું જોઇ લેવું જોઇએ કે તમે હંમેશા તમારા સમયનો સદુપયોગ કરી રહ્યા છો કે દુરૂપયોગ. સમયના મહત્વપૂર્ણ વિષયમાં નીચેનું વાક્ય હમેશાં ધ્યાનમાં રાખવા લાયક છે—

" Dost thou love life ? then do not squander time, for that is the stuff life is made of. " અર્થાત્ શું તમને તમારૂં જીવન વ્હાલું છે ? જો હોય તો સમયનો દુરૂપયોગ ન કરો; કેમકે તમારૂં જીવન સમયનુંજ બનેલું છે.

છેવટે મનુષ્ય–જીવનની સાર્થકતાના વિષયમાં એટલું કહેવું બસ છે કે આપણે ઇશ્વર અને મનુષ્યો તરફ આપણું કર્ત્તવ્ય બજાવવું, આત્મ–નિરીક્ષણ અને આત્મ–શાસનની ટેવ પાડવી તથા આપણા સમયનો એવો સદુપયોગ કરવો કે જેથી આપણે આપણાં કુટુંબ, સમાજ અને દેશને માટે કોઇ પણ રીતે ઉપયોગી બની શકીએ. વસ્તુતઃ એ મનુષ્યનું જીવન સફલ થાય છે અને એજ મનુષ્ય જીવન–સંગ્રામમાં સફલતા પ્રાપ્ત કરી શકે છે કે જે એ કાર્યોમાં પોતાનાં તન, મન, ધન, સમર્પણ કરી દે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ ઓાલખાણ સબંધી સ્થુળ વિચારણા.

લે૦—વકીલ નંદલાલ લલ્લુભાઇ વડોદરા.

ભગવંત મહાવીર પરમાત્માએ જીવોના હિતના માટે ફરમાવેલું છે કે દરેક જીવ પોતે જે ગતિમાં ઉત્પન્ન થયો હોય તે ગતિમાં કઈ દિશાથી આવ્યો અને કઇ દિશામાં પાછો પોતે જવાનો છે ? એની વિચારણા હમેશ તેણે કરવી જોઇએ. અને વિચારણા કરનારજ પોતાનું જીવન શુદ્ધ બનાવી શકશે.

૨ કેવળ જ્ઞાનીઓએ દ્રવ્ય અને ભાવ એ બે દિશાઓમાં જીવો સંસારમાં ભ્રમણ કરે છે, તેમાંજ તેઓ ઉપજે છે. અને વિણશે છે. એમ પોતાના જ્ઞાનથી જાણ્યું છે. તે પ્રત્યેકના અઢાર અઢાર ભેદ છે.

૩ દ્રવ્ય દિશાનું જ્ઞાન સાધારણ રીતે ઘણા માણસોને હોવાનો સંભવ છે. પુર્વ પશ્ચિમ, દક્ષીણ અને ઉતર એ ચાર મુખ્ય દિશાઓ છે. અગ્નિ, નૈરૂત્ય, વાવ્ય, અને ઈશાન, એ ચાર વિદિશાઓ છે. એ આઠની વચ્ચમાં જે ખાલી ભાગ રહે છે. તેના જ્ઞાનીની દૃષ્ટિએ આઠ ખાલી દીશાઓ રહે છે. તેથી તેના આઠ ભાગ થાય છે. એમ આ તીર્છાલોકની શોળ દિશાઓ થાય છે. એ ઉપરાંત એક અધોલોકની એક દિશા અને એક ઉર્ધ્વલોકની એક દિશા જેને વિમળ દિશા પણ કહે છે. એમ દ્રવ્ય દિશાના અઢાર ભેદ થાય છે.

૪ આ મનુષ્ય ભવમાં આપણી જનક માતાના ગર્ભમાં આપણો જીવ ઉપર બતાવેલી અઢાર દ્રવ્ય દિશામાંથી કઇ દિશામાંથી આવીને ઉત્પન્ન થયો ? એજ મહત્વની વિચારણા છે.

૫ આપણને આ મનુષ્ય ભવમાં સામાન્ય રીતે મતિ અને શ્રુતજ્ઞાન અથવા મતિ અને શ્રુત અજ્ઞાન એ ચારમાંથી કોઇ બે ભેદનું જ્ઞાન છે. જે જીવોને સમ્યકત્વ ઉત્પન્ન થયેલું છે, અથવા જેમને સમ્યકત્વ પુર્વ ભવથી ચાલતું આવેલું છે, તે જીવોનું જ્ઞાન, મતિ અને શ્રુત જ્ઞાનની કોટીમાં આવી શકે છે. તે સિવાયનાનું મતિ અનેશ્રુત એ મતિ અને શ્રુત અજ્ઞાનની કોટીમાં આવે છે. જીવ સમ્યકત્વવાન છે કે નહીં, એ વિશિષ્ટ જ્ઞાનીઓ સિવાય બીજા જાણી શક્તા નથી. આપણને જાતિસ્મરણ જ્ઞાન નથી. તેમ હાલના સમયમાં અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાનીઓનો અભાવ છે. તેથી આપણે આ અઢાર દિશામાંથી કઇ દિશામાંથી આવી માતાના ગર્ભમાં ઉત્પન્ન થયા એ જાણી શક્તા નથી. આપણે આપણી જન્મભૂમિ કે રહેવાના સ્થાનથી મુસાફરી નિકળી બીજે સ્થળે જઇએ છીએ. ત્યાં આપણને પ્રશ્ન પુછવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવે છે કે આપ આજે કયાંથી પધાર્યા ? આપણે ઉત્તર આપીશું કે અમુક સ્થળેથી. આ પ્રમાણે વ્યવ્હારમાં વર્તવામાં આવે છે. આપણે આપણી જનક માતાના ઉદરમાં આવી દાખલ થયા અને ગર્ભકાળ પુરો થયા પછી આપણો જન્મ થયો. તેથી આપણા માતા પીતા અને કુટુંબીજનો ઘણા હર્ષ પામ્યા. આપણે ઉમરે અને બુદ્ધિ વિગેરેમાં વધતા ગયા. વ્યવ્હારિક અને ધાર્મીક કેળવણીને લીધી વિદ્યાભ્યાસ છોડી ધંધામાં દાખલ થયા. લગ્ન કરી સંસારમાં જોડાયા. ધંધાનો અને કુટુંબનો બધો ભાર માથે લઇ દુનિયામાં આગળ વધીએ છીએ એમ માનવા લાગ્યા અને આટલી ઉમરે પહોંચ્યા છતાં ત્યાંસુધી આપણને કોઇ પુછતું નથી કે ભાઇ તમે આ મનુષ્ય ભવમાં ઉત્પન્ન થઇ અમારા પ્રત્યેકના સબંધમાં આવ્યા છો પણ આપ ઉપર બતાવેલી અઢાર દ્રવ્ય દિશામાંથી કઇ દિશામાંથી મુસાફરી કરી અહિં પધાર્યા છો ? આપણો પુર્વનો ભવ પુર્વનું રહેઠાણ કયાં હતું તેમ આપણે પણ ભૂલી ગયા છીએ. દેવ, મનુષ્ય, તિર્યંચ, અને નરક, એ ચાર ગતિ પૈકી કઇ ગતિમાંથી અને કઇ દિશાથી આવી ઉત્પન્ન થયા છીએ.

૬ આપણે કોઇ ઠેકાણે જઇએ છીએ. ત્યારે ઘરના બીજા માણસોની ખબર અંતર પુછવામાં આવે છે, તેમ આપણને આપણા કુટુંબી જનોની ફીકર ચિંતા રહ્યા કરે છે. અહી આ ભવમાં ઉત્પન્ન થયા પછી નથી તો આપણને આપણા પુર્વ ભવના સગાઓની ચિંતા અને નથી કોઇ ખબર પુછતું કે ભાઇ પુર્વ ભવના આપ્તજનો ક્ષેમ કુશળ છે ? મુસાફરીએ નિકળેલો પ્રાણી આગળ કયા સ્થળે જવાનો છે, તેની વિચારણા કરે છે. આ મનુષ્ય ભવનું આયુષ્ય પુરૂ થયા પછી આપણે બીજા કોઇ સ્થળે જવાનું છે. એ વાત નિશ્ચયના ઘરની છે. છતાં આપણે પોતેજ કોઇ દીવસ એનો વિચાર કરતા નથી કે આપણે કયે સ્થળે જવાનું છે. આ પ્રમાણે અઢાર પ્રકારની દ્રવ્ય દિશા પૈકી કઇ દિશાએથી આપણે આવ્યા અને કઇ દિશામાં જવાના તેની વિચારણા હમેશ કરવી જોઈએ.

૭ દ્રવ્યદિશા સિવાય ભાવ દિશાઓ પણ છે. અને તેના પણ અઢાર ભેદ છે. તે નીચે પ્રમાણે.

૪ ચાર પ્રકારના મનુષ્ય ૧ કર્મભુમિ ૧ અકર્મભુમિ ૧ અંતરદ્વીપ ૧ અને સમુર્છિમ.

૪ ચાર પ્રકારના તીર્યંચ, બે ઇંદ્રિ, તીઇંદ્રિ, ચોઇંદ્રિ, અને પંચેદ્રિ

૪ ચારકાય ૧ પૃથિવ–૧ અપ–૧ તેઉ–અને ૧ વાઉકાય.

૪ વનસ્પતિના ચાર ભેદ–અંગબીજ–મુછબીજ–સ્કંદબીજ અને પર્વબીજ.

૧ દેવગતિ અને

૧ નરક ગતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપર પ્રમાણે ચૌદ રાજલોકની અંદર રહેલા સંસારી જીવો અઢાર પ્રકારની ભાવદિશામાં હમેશાં ભ્રમણ કરે છે. જીવો બે પ્રકારના છે. એક સંસારી જીવ અને બીજા મુક્ત જીવ. જેઓ સર્વથા કર્મ મળથી રહીત થઇ લોકાંતે સિદ્ધ સ્થાનમાં આદિ અનંત ભાગે રહેલા છે, એવા મુક્ત જીવોને ઉપરની દ્રવ્ય અથવા ભાવ દિશા પૈકી કોઇ પણ દીશામાં મુસાફરી કરવી પડતી નથી. તે શીવાયના સંસારી જીવો ચૌદરાજલોકની અંદર અઢાર દ્રવ્ય દિશામાં અને અઢાર પ્રકારની ભાવ દિશામાં ગતિ આગતિ કર્યા કરે છે. તો પછી આપણે આ ભવમાં ઉપરની અઢાર પ્રકારની ભાવદિશા પૈકી કેઇ દિશામાંથી આવી ઉત્પન્ન થયા છીએ. અને આ ભવનું આયુષ્ય પુરૂ થયા પછી કેઈ દિશામાં આપણે જવાના છીએ એની વિચારણા પણ આપણે હમેશા કરવી જોઇએ. આવા જ્ઞાનવાળા જે પુરૂષ હોય તેજ ખરેખરો આત્મવાદી, લોકવાદી અને ક્રિયાવાદી છે એમ જાણવું. એમ ભગવંત માહાવીર પરમાત્મા આચારાંગ સુત્રમાં કહે છે.

૮ ઉપર આપણે વિચાર કરી ગયા છીએ કે આપણને વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન નથી તેથી આપણે જાણતા નથી. તેમજ વિશિષ્ટ પ્રકારના જ્ઞાનીઓના અભાવના લીધે પણ તે જાણવાનો જોગ અને તેમ નથી. તો પછી એ સંબંધિ આપણે વિચાર કેવી રીતે કરી શકીએ એ પણ એક પ્રશ્ન છે.

૯ આ દ્રવ્ય દિશા અને ભાવ દિશા સબંધી સ્પષ્ટ અને ચોખુ જ્ઞાન આપણને થઇ શુદ્ધ વિચારણા કરી શકીએ એ બનવું તો અશકય છે. પણ આગમનો આશ્રય લઇએ તો એ સબંધિ કાંઇ અનુમાન કરી શકીએ.

૧૦ જીવ વિચાર, નવતત્વ, કર્મગ્રંથ વીગેરે પ્રકરણોનો અભ્યાસ કરી મનુષ્ય ગતિમાં કયા કયા દંડકમાંથી આવી શકાય છે તેની વિચારણા કરીએ તો આપણને અનુમાન થઇ શકે કે અમુક ભાવદિશામાંથી આપણે આ ગતિમાં આવેલા હોવા જોઇએ. મનુષ્ય ગતિ બંધના કારણો કયાં કયાં છે, તેનો વિચાર કરવાથી એ પણ અનુમાન થઇ શકે કે આપણે પુર્વ ભવમાં અમુક પ્રકારના શુભકર્મ કરેલાં કે જેથી મનુષ્યની ગતિ અને ઉત્તમ કુળ તથા દેવગુરૂ ધર્મની સારી જોગવાઇવાળી સામગ્રી પામી શકયા છીએ. તેજ પ્રમાણે જ્ઞાની માહારાજાએ મનુષ્ય અને દેવગતિના બંધના જે કારણો બતાવેલા છે, તે કારણોનું દ્રવ્ય અને ભાવથી સેવન કરીએ તો વખતે તેવી ગતિમાં જવાને સમર્થ પણ થઈ શકીએ !

૧૧ પણ આ દ્રવ્ય દિશા અને ભાવ દિશા સંબંધીના પ્રશ્નો આટલી ઉમરમાં કોઇપણ વખત મનમાં ઉત્પન્ન થયા નહીં. એ કેટલી અજ્ઞાનતા અને મોહનીય કર્મનો કેટલો પ્રબળ ઉદય ? હજુ આપણો આ ભવ પુરો કરી ચૌદ રાજલોકમાં ઉપરની દ્રવ્ય અને ભાવ દિશામાં મુસાફરી કરવા જવાનું છે. એ નક્કી છે, છતાં કોઇપણ વખત એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંબંધી મનમાં વિચાર પણ ઉત્પન્ન થતો નથી. એ કેટલી મુઢતા ? એક સાધારણ મુસાફરી કરવી હોય છે, તો અગાઉથી પત્ર કે તારથી ખબર આપીએ છીએ કે ફલાણા દીવસે ફલાણા વખતે હું એકલો અથવા આટલા માણસો સાથે આવવાનો છું. અને અમુક અમુક તૈયારી કરી રાખજો કે હરકત પડે નહી. તેની સાથે મુસાફરીમાં હરકત પડે નહી તે માટે કપડાં, ભાથું. પાથરણાની જોગવાઇ (બેડીંગ) નોકર, રસોઇયા વીગેરેની જોગવાઈ કરી મુસાફરી સુખરૂપ નિવડે તેના માટે બનતી કાળજી રાખીએ છીએ. છતાં આપણે ભવિષ્યના અનંતકાળમાં લાંબી મુસાફરીએ જવાનું છે, તે સંબંધી મનમાં કોઇ વખત કાંઈ પ્રશ્ન પણ ઊભો થતો નથી. એ અજ્ઞાનતા શિવાય બીજું શું સુચવે છે ?

૧૨ ખરેખર આ દ્રવ્ય દિશા અને ભાવ દિશાની વિચારણા વિના આટલી ઉમર પસાર કરી તેના માટે હવે ઘણોજ પ્રશ્ચાતાપ થાય છે.

૧૩ પરમોપકારી નિષ્કારણ જગતના બંધુ તુલ્ય ગીતાર્થ મુનિ માહારાજાઓએ પરોપકાર બુદ્ધિથી આ સબંધી ઉપદેશ આપી આ દ્રવ્ય દિશા અને ભાવ દિશાનું સ્વરૂપ સમજાવ્યું, ત્યારથી આ પ્રશ્નો મનમાં ઉદ્દ્ભવ પામ્યા છે. પણ વિશિષ્ટ જ્ઞાનીઓના સમાગમ શિવાય એ સબંધી સ્પષ્ટ નિરાકરણ થાય તેમ નથી. પણ એક વાત ધ્યાનમાં આવી છે. તે એવી છે કે, નરક અને તિર્યંચ ગતિના બંધના જે કારણો અને આર્ત તથા રૈદ્ર એ બે ધ્યાનનું જે સ્વરૂપ બતાવ્યું છે, તેનું સેવન થાય તો એ બે ગતિનો બંધ પડતો અટકાવવાને શક્તિમાન થઈ શકું. પણ અનાદિકાળથી આ માહારા જીવને એ કારણો અને ધ્યાનનો અભ્યાસ પડેલો હોવાથી હું તેને રોકવાને પ્રયત્ન કરૂં છું તોપણ તે વારંવાર મહારી પાસેથી ખસતા નથી. અને તેથી હું વખતોવખત નિરાશ થઈ જાઉં છું. પણ એટલાથી નિરાશ થઇ બેસી રહેવાથી તો ઉલટી નુકશાની થશે. જો એ આર્ત અને રોદ્ર ધ્યાનને અટકાવવા હોય અને નરક અને તિર્યંચગતિમાં જવાના કારણો સેવનથી બચવું છે, એવી અંતઃકરણમાં તીવ્ર લાગણી હોય તો એકજ ઉપાય છે, તે એ કે તેના પ્રતિ પક્ષી ધ્યાન ધર્મ અને શુકલ ધ્યાનનું સ્વરૂપ સમજવું જોઇએ. અને મનુષ્ય તથા દેવગતિ લાયકના અનેક કારણોની સેવનાનો અભ્યાસ કરવો જોઇએ.

શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથજીના સ્તવનમાં કહે છે કે.

અપ્રસ્તતારે ટાળી પ્રશસ્તા; કરતાં આશ્રાવનાશેજી "
સંવર વાધેરે સાધે નિર્જરા; આતમ ભાવ પ્રકાશેજી "

આપણા આત્માને ઊંચકોટીમાં લેઇ જવાની ભાવના હોય તો ગીતાર્થ પુર્વાચાર્યોએ પોતાના અપૂર્વ જ્ઞાનના અભ્યાસના અનુભવનો જે ઉપદેશ આપણને આપી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગયા છે, તે ઉપદેશનો અમલ આપણે કરવો જોઈએ. આપણે તત્વજ્ઞાનનો અભ્યાસ નહી કરતાં નવીન શોધખોળની ભ્રમણામાં પડીએ છીએ. તેના કરતાં સમર્થ જ્ઞાનીઓએ પોતાના અનુભવથી આપણને જે રસ્તો બતાવેલો છે, તેનું જ્ઞાન મેળવી તેનો અમલ આપણે કેમ કરવો નહી જોઇએ ? હું તો મહારા પોતાના માટે એવાજ નિર્ણય ઉપર આવ્યો છું કે, જમાનાના અસંગત પ્રવાહમાં તણાવાના બદલે મહાન ગીતાર્થ પુર્વાચાર્યોએ જે ઉત્તમોતમ દિશાઓએ મુસાફરી કરવાને પોતાનું જ્ઞાન અને અનુભવના અંગે બતાવ્યું છે, તેજ દિશાએ યથાશક્તિ મુસાફરી કર્યા કરવું કે પરિણામ સારૂ આવશે.

આત્મસ્વરૂપની ઓલખાણમાં આ દ્રવ્ય અને ભાવદિશાની વિચારણા ઘણી ઉપયોગી છે. એમ શાંત ચિતથી અને આત્મહિત બુદ્ધિથી વિચાર કરનારના ધ્યાનમાં આવ્યા સિવાય રહેશે નહિં. અને એ દ્રવ્ય તથા ભાવદિશાએ મુસાફરી કરવાનું બંધ કરવાનો એજ શરૂઆતનો ઊપાય છે.

शांतिमय जीवननी घटना.

(ગઝલ)

જીવન મંત્રો તણા નાદો, સુણી ચૈતન્ય હીલે છે;
 ભુલી જીવન તણા કલહો, હૃદય એ શાંતિ ઝીલે છે. ૧
અહા ! એ ખેદ જીવનના, કદી દૂરે શું થાવાના;
 નિરાશા શું ધરી રાખી, જીવન સઘળું ગુમાવાના. ૨
નિરાશામાં રહી આશા, છુપાઇ વિશ્વની થડમાં;
 હૃદય એ આશથી ધબકે, વિભૂતિના વિમળ પડમાં. ૩
જીવનમાં શાંતિ જો ધરશો, અશાંતિ શું હરી જાશે ?
 અશાંતિ શાંતિમાં પલટઇ, હૃદય શું વેગમય થાશે ? ૪
હજારો વિઘ્નની વચ્ચે, પ્રહારો સર્વ એ પડતાં;
 જીવન સંગીત પ્રકટાવી, પ્રભુતામાં સદા ચડતા. ૫
વિકટ વિઘ્નો અને કષ્ટો, બનાવે શુદ્ધ જીવનને;
 ઘડી એ આત્મના તત્ત્વો, જમાવે સ્નેહ ઉપવનને. ૬
પરમ સૌંદર્ય પ્રકટાવી, જીવન સદ્વાસના પ્રેરી;
 અમૂલી આત્મ શાંતિના, કણો જ્યોતિ વિષે વેરી. ૭
જીવનની ભવ્યતા પામી, સદા આત્મા વિષે રાચી;
 કરી સત્કૃત્ય જીવનમાં, પરમ પદ મોક્ષમાં ગામી. ૮

ફતેહચંદ ઝવેરભાઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધર્મ–શ્રદ્ધાળુ યાત્રિકજનોને અતિ અગત્યની સૂચના.

લેખક–સદ્ગુણાનુરાગી કર્પૂરવિજયજી. (સિદ્ધક્ષેત્ર)

આખા વર્ષ દરમીયાન અનેક જૈનબંધુઓ અને બ્હેનો શત્રુંજય, ગિરનાર, આબુજી અને શિખરજી પ્રમુખ કઇક જૈન યાત્રાસ્થળોનો લાભ લેતા દીસે છે. પવિત્ર રજકણોથી વ્યાપ્ત વાતાવરણવાળાં તીર્થસ્થાનોમાં દુનીયાની ખટપટ મૂકી શાન્ત ચિત્તથી અધિક શાન્તિ મેળવવા માટે જવાની સદ્ભાવના સહુ યાત્રિકોના દીલમાં ખુબ વસવી ઘટે અને એ મુજબ આચરણ કરવામાં આવે તો સોવસા તેઓ પોતાનો પ્રયાસ સફળ કરી શકે ખરા. આવો વિવેક યાત્રાના રસિયા સહુ યાત્રિકોએ જરૂર શિખી લેવો જોઇએ. એથીજ યાત્રાની સફળતા લેખાય.

૧ ન્યાય–નીતિ–પ્રમાણિકતા, કૃતજ્ઞતા, વડીલોની સેવા, બાળ બચ્ચાદિકની યથાર્થ સંભાળ, સુદાક્ષિણ્યતા, સદ્ગુણી પ્રત્યે વિનય–બહુમાન, ગંભીરતા, શાન્તતા, લજ્જા, દયા–કોમળતા, સરલતા (અંત:કરણની શુદ્ધિ–નિષ્કપટ વૃત્તિ) સંતોષ–નિર્લોભતા, મધ્યસ્થતા, સત્યપ્રિયતા, દીર્ઘદર્શિતા, પરોપકાર રસિકતા, કાર્યદક્ષતા અને કામ, ક્રોધ, મોહ, મદ મત્સરાદિ દુર્ગુણોને દૂર કરવાનું કાયમ લક્ષ રાખવા વડે સુયોગ્યતા સંપાદન કરી, વીતરાગ પ્રભુની પવિત્ર આજ્ઞાને લક્ષમાં રાખી, તીર્થ યાત્રાદિક ધર્મકરણી કેવળ કેલ્યાણાર્થે કરવી ઘટે છે. સદ્ વિવેક વડેજ સ્વહિત સાધન કરેલું સફળ થાય છે.

૨ યાત્રા પ્રસંગે કોઇ જીવને નાહક ત્રાસ ન થાય તેવું લક્ષ અવશ્ય રાખવું ઘટે. જયણા રહિત જતાં આવતાં જીવ જંતુઓની વિરાધના અવશ્ય થાય તે સમજી રાખવું જોઇએ

૩ ભોળા માત પિતાઓ પોતાના બાળબચ્ચાંઓને સાથે લઇ યાત્રા કરવા જાય ત્યારે તેમને લગારે દુભવ્યા વગર સાચવી રાખવાની તેવડ (શક્તિ, હોય તો ઠીક નહિતો બાળબચ્ચાંને અસહ્ય ત્રાસ થાય તે તો ઠીક નહીજ.

૪ ભાઇઓ અને બ્હેનો યાત્રાર્થે જતાં આવતાં રખે પગને ઘસારો લાગે એવા ભયથી દેખાદેખી કંતાનના બુટ જોડા પહેરવા નાહક લલચાઇ જાય છે તેથી જીવ-જંતુઓની રક્ષા પણ પળતી નથી અને પવિત્ર તીર્થરાજની સ્પર્શના કરવાનો યથાર્થ લાભ લેવાતો નથી. શોખની ખાતર તો તેમ કરવું નજ ઘટે. ખુલ્લા પગે ચાલવાથી સાચવીને ચાલતાં સહેજે જીવદયા પળે છે અને અનેક પ્રકારના રોગ પણ દુર થાય.

૫ કેટલાએક મુગ્ધ ભાઇ બ્હેનો શ્રીમંતાઇ જણાવવા માટે ગમે તેટલા પૈસા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ખર્ચી ડોળીથીજ યાત્રા કરવા દોરાઇ જાય છે. નવાણું જાત્રા કરે છે. દિવસમાં બે ત્રણ જાત્રા કરીને પૂરી કરે છે. ડોળીવાળાને દોડાવે છે અને તેમને સરપાવ આપે છે આ બધાનો અર્થ શો ? એથી કલ્યાણ કેટલું ? તે કોણ કલ્પી શકે ? આ રીતે નકામું ઉત્તેજન આપવાનું પરિણામ કેવું આવે છે ? તેનો ખ્યાલ મુગ્ધ જનોને કયાંથી આવે ? વળી શત્રુંજય જેવા તીર્થની યાત્રાનો પરમભાવના સહિત બને ત્યાં સુધી અણુવાણે પગે જવા યુક્ત ચાલીનેજ કરવી ઘટે. ફક્ત માંદલા અને કેવળ અશક્તનેજ માટે ડોળી વગેરે અણછુટકે હોઇ શકે.

૬ બ્હેનો પણ દેખાદેખી કંતાનના બુટ વિનાસંકોચે વાપરે છે. તે પ્રથા સુખ શીલતાનેજ વધારનારી છે. અસહ્ય તાપ વખતે કદાચ તેનો ઉપયોગ થતો હોય તો જુદી વાત, પણ આમાં સ્વેચ્છા મુજબ ચાલવાનું બને છે. કઇક સાધુ સાધ્વીઓ પણ સ્વેચ્છાથી તેનો ઉપયોગ કરે છે. એથી લજ્જા–મર્યાદાનો સહેજે લોપ થતો જાય છે.

૭ નવાણું યાત્રાના અનુભવમાં સુખશીલતા વશ એવી છુટ મુકવામાં તેનું આ અનિષ્ટ પરિણામ આવતું જણાય છે. યાત્રાની સફળતા ઇચ્છનારે સુખશીલતા સેવવીજ ન ઘટે. બાળ જીવો દેખાદેખીજ વધારે કરે છે.

૮ તીર્થયાત્રા કરવા જનારા જો સ્થાવર અને જંગમ તીર્થનો અર્થ યથાર્થ સમજતાજ હોય તો શત્રુંજયાદિક સ્થાવર તીર્થની યાત્રા પ્રસંગે સહેજે મળતો જંગમ તીર્થરૂપ સુવિહિત સાધુના સમાગમનો લાભ કેમજ ચુકે ? આવો અવિવેક સુજ્ઞ યાત્રિકોને કરવો નજ ઘટે. જંગમ તીર્થરૂપ સંત સમાગમ કલ્પવૃક્ષની શીતળ છાયા જેવો ભારે સુખદાયક બને છે, એ વાત વિસરી નહી જતાં કાયમ યાદ રાખવી જોઇએ, જંગમ તીર્થ સમાગમમાં આવનારને ભારે ઉપકારક થાય છે.

૯ તીર્થયાત્રા કરવા જતાં જેમ ભાવથી છરી પાળવામાં આવે છે તેમ તીર્થયાત્રા કરતાં પણ પાળવી ઘટે છે. તીર્થને ભેટવા જતાં જેવો ભાવ હોય તેવો કે તે કરતાં અધિક ભાવ એ તીર્થને સાક્ષાત્ ભેટતાં હોવો ઘટે. તેને બદલે સુખશીલ બની અવિધિ દોષ સેવવો યુક્ત લેખાય નહીં.

૧૦ કેટલાક મુગ્ધ જાત્રાળુઓ સહજ વાતમાં ધમધમી જાય છે. નજીવી વાત વાતમાં ક્લેશ કરી બેસે છે, તેમણે શત્રુંજય મહાત્મ્યમાં વર્ણવેલ કંડુ રાજાનું દ્રષ્ટાંત વાંચી વિચારી પોતાની પરિણતિ સુધારી લેવી જોઇએ.

૧૧ ધર્મશાળાથી તળાટીનો સુધીનો રસ્તો સાવ ટુંકો છતાં સુખશીલતાથી બેલગાડી કે ઘોડાગાડીનો ઉપયોગ કરી તે અવાચક જીવોને ભારે ત્રાસ ઉપજાવવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવે છે તે જોઈ દયાળુ જીવોને કંપારી છુટે છે. એજ ભાઈ બ્હેનો દીલમાં દયા ધરે તો પેલા જીવોને સહેજે દુઃખ ઓછું થાય. શાણા જાત્રિકો ધારશે તો એટલું અવશ્ય કરી શકશો.

૧૨ યાત્રિકોએ અરસ્પરસ એટલી બધી સહાનુભૂતિ દાખવવી જોઇએ કે, રેલવે-ના ડબામાં બેસવા કે ધર્મશાળામાં ઉતરવા આવનાર બીજા જાત્રિકો માટે કેટલો પ્રેમ પ્રથમના જાત્રિકોએ પ્રગટાવવો જોઈએ એ સંબંધમાં એક જુદો ઉલ્લેખ કરેલો વાંચી વિચારી તેનો આદર કરનાર જીવોને ભારે લાભ થવા સંભવ છે.

૧૩ ગમે તે વખતે અને ગમે તે સ્થળે સદ્દવિવેકથીજ સુખી થવાય છે.

૧૪ નિર્મળ શ્રદ્ધા, સદ્વિવેક અને શુભ કરણી વડેજ શ્રાવકપણાની સાર્થકતા છે. તે વગરની લુખી કરણી અર્થસાધક શી રીતે થઇ શકે ?

૧૫ ખાનપાન પ્રમુખમાં મુગ્ધ ભાઇ બ્હેનો ચોખાઇ રાખતા નથી અને એવાજ અશુદ્ધ આહાર પાણી પોતાના પૂજ્ય જનોને પણ સંકોચ વગર આપે છે તેવા આચારની શિથલતાથી તેઓ જ્યાં ત્યાં વગોવાય છે અને ખાનપાનમાં સખ્ત રીતે ચોખાઈ રાખનારા તેમની સાથે ખાનપાનમાં સહકાર કરતાં સહેજે અચકાય છે. વળી કચોખાઇથી બીજા પણ અનેક ગેરલાભ થવા પામે છે, છતાં એ કઢંગી પ્રથા સુધારી લેવા પુરતું લક્ષ અપાતું નથી, જેથી ધર્મથી પણ વિગોમણા થાય છે અનિષ્ટ અનાચારમાંથી તેમને બચાવી લેવા પૂરા ઉપદેશની જરૂર છે. શરીર આરોગ્ય, કુટુંબ આરોગ્ય સાચવવાના નિયમોથી પૂરા વાકેફ હોય તેમને તો આટલો ઇસારો માત્ર બસ છે. ખાનપાનમાં ભ્રષ્ટતા–ગોટાળો કરનાર કઇક વસ્તુ ભારે ચેપી રોગને ભોગ થઈ પડી સ્વપરને જીવતા જોખમમાં નાંખે છે.

૧૬ નવકારશી સંઘ–સાધર્મીવાત્સલ્ય પ્રમુખ જમણ પ્રસંગે ખાનપાના-દિકમાં પુરી ચોખાઇ મળે એવી તજવીજ રાખવા સ્વયં સેવકો તૈયાર થવા જોઇએ.

૧૭ ચૈત્રી કાર્તિકી જેવા યાત્રાના મોટા પ્રસંગે કાર્યદક્ષ સ્વયંસેવકોની ભારે જરૂર છે. જૈનોએ હવે આળસ તજી કર્તવ્યનિષ્ટ થવું જોઇએ.

ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઉપમિતિ ભવપ્રપંચ કથા અંતર્ગત કેટલાએક ઉપયુક્ત વચનો.

(અનુવાદ કર્તા મુનિરાજશ્રી કર્પૂરવિજયજી.)

ગતાંક પૃષ્ટ થી શરૂ.

૮૧ સજ્જનો દોષિતને પણ અકાળે તજતા નથીજ.

૮૨ જ્યાં સુધી ચિત્તનું સમાધાન કરી આપનાર ન મળે ત્યાં સુધી આ ભવચક્રમાં જીવને લગારે સુખ સંભવતું નથીજ.

૮૩ નીરાગી મહાશયને દુઃખભણી દ્વેષ કે સુખ માટે સ્પૃહા થતી નથી.

૮૪ બહારની વસ્તુઓ તો નિમિત્ત માત્ર છે.

૮૫ લક્ષણહીન (દરિદ્રી) ને ચિન્તામણિરત્ન પ્રાપ્ત થતું નથી.

૮૬ સજ્જન-સાધુજનો કેવળ નિર્વિકારી હોય છે.

૮૭ પ્રાણીઓની દ્રષ્ટિ જન્માન્તરની સંગતિને જાણનાર-યાદ રાખનાર જણાય છે. કેમકે તે પ્રિયને દેખીને વિકસે છે અને અપ્રિયને દેખીને બળે છે.

૮૮ શાન્ત આત્માઓને જે સ્વાભાવિક આંતરસુખ સંપજે છે તે દેવોને કે ઇન્દ્રોને પણ સંભવતું નથી.

૮૯ સાધુજનોને આત્મશ્લાઘા કરવી ઘટે નહીં.

૯૦ અધમજનો ઉચિત આચરણ પણ કરતા નથી.

૯૧ ગમે તેટલું સમજાવ્યા છતાં મૂઢ જન અકાર્ય કરતો અટકતો નથી.

૯૨ બીજાએ કરેલું કાર્ય અણ નિષેધ્યું તે અનુમોદ્યું સમજવું.

૯૩ કૃપાળુ સજ્જનો પારકાં દુઃખ જોઇ (ખમી) શકતા નથી.

૯૪ શક્તિ હોય તો સુજ્ઞ માણસે પરોપકાર કરવો જ પરંતુ પરોપકાર કરવા શક્તિ ન જ હોય તો સ્વાર્થ સાધવા બને તેટલો આદર કરવા ચૂકવું નહીંજ.

૯૫ પરસ્ત્રીને સમીપે જોઇને સજ્જનો નીચી દ્રષ્ટિ રાખી ચાલે.

૯૬ અરસ્પરની અનુકૂળતાવડેજ વર-વહૂનો પ્રેમ સચવાય છે.

૯૭ સાધુજનો નમી પડેલા પ્રત્યે દયાળુ, દીનજનોને ઉદ્ધારવા ઉજમાળ અને નિસ્વાર્થ પ્રેમીજનો માટે પ્રાણાર્પણ કરનારા હોય છે.

૯૮ ગુરૂની સ્તુતિ તેમની સમક્ષ કરાય, મિત્ર અને બંધુઓની સ્તુતિ તેમની પાછળ કરાય, નોકર ચાકરની તારીફ કામ કર્યા બાદ કરાય, પણ પુત્રોની નહીંજ અને સ્ત્રીઓની પણ મૂવા બાદજ.

૯૯ પ્રભુનું પ્રભુત્વ આજ્ઞામાં છે.

૧૦૦ પ્રસ્તાવ રહિત કાર્ય વિચક્ષણ નર આરંભે નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૦૧ પાપી જનોની કથા પણ કરી છતી પાપને વધારે.
૧૦૨ પાપ ઘણું કરીને ઢાંક્યું ન રહે—જાહેરમાં આવેજ.
૧૦૩ ચિન્તામણિ પામી સાચવી જાણનારને દારિદ્ર કેમજ રહે ?
૧૦૪ પુણ્યાનુબંધી પુણ્ય પણ સોનાની બેડી જેવું કહ્યું.
૧૦૫ દોષરૂપી મળને શુભ ક્રિયારૂપ જળ વડે ટાળવો ઘટે.
૧૦૬ પૂર્વ ભવના અભ્યાસથીજ પ્રાયે પ્રાણીઓના અનેક ભાવ વર્તે છે.
૧૦૭ ઉદ્યમ કરનારને અને નહીં કરનારને પૂર્વ ભવમાં જેવું (શુભાશુભ) કર્મ ઉપાર્જ્યું હોય તેવુંજ પ્રાપ્ત થઈ આવે છે.
૧૦૮ જ્ઞાન અને ક્રિયાયોગેજ ફળ સિદ્ધિ થવા પામે છે.
૧૦૯ હઠ—આગ્રહથી (વગર ઇચ્છાએ) પણ હિત—શ્રેય કરવુંજ.
૧૧૦ બ્રહ્મચર્ય, દયા, દાન, નિસ્પૃહતા, સત્ય, તપ અને ઉદાસીનતા એ સઘળા સત્ત્વની સંશુદ્ધિ કરનારા છે.
૧૧૧ ભારે મોટું કામ સાધવા લાગેલાને વચમાં વિઘ્નો પેદા થાય છે.
૧૧૨ મહાત્માઓ ભક્તિ વડે વશ થઇ જાય છે.
૧૧૩ અહો ! ભાઇઓ ! ઉત્સાહ લાવીને ખરા ધર્મ—માર્ગમાં આદર કરો.
૧૧૪ અહીં જિન આગમનો યોગ પામી સુજ્ઞજનોએ શીઘ્ર સ્વ મળ શુદ્ધિ ક
૧૧૫ મહાશયો અન્ય જનોના આનંદની વૃદ્ધિ માટે થાય છે.
૧૧૬ મહાપુરૂષના સમાગમથી ઉત્તમ માર્ગની પ્રાપ્તિ થઇ શકે છે.
૧૧૭ ઇંદ્રિયો રૂપી ચોરો મનુષ્યોનો સઘળો ધર્મ ખજાનો ચોરી જાય છે.
૧૧૮ તત્ત્વવેત્તાએ ધન પ્રાપ્ત થયે છતે મૂર્છા—મમતા અને ગર્વ નજ કરવા પણ સારા પાત્રમાં વિવેકથી દાન દેવું અને ભોગમાં પણ લેવું.
૧૧૯ જે સારૂં કામ હો તે મૂઢ જનો નથી કરતા અને માઠું—ભૂંડુ કામ તો વાર્યા છતાં પણ શીઘ્ર કરે છે.
૧૨૦ યથા તથા પ્રજા ॥ જેવું સત્ત્વ તેવા ગુણ.
૧૨૧ નિયતિવશાત્ જે શુભાશુભ સાંપડે તેમાં હર્ષ ખેદ કરવો નકામો.
૧૨૨ જ્યાં સુધી માણસ નિરૂદ્યમી રહે છે ત્યાં સુધી લક્ષ્મી વેગળી વસે છે.
૧૨૩ જે માતા જડ આળસુ નસીબ ઉપર વિશ્વાસ રાખી બેસનાર અને સત્ત્વ પરાક્રમ વગરના બાળકને જણે તેનેજ રોવું—રૂદન કરવું પડે.
૧૨૪ જે અહીં ઘરમાં પરાભવ પામ્યો તે બાર પણ પરાભવ પામે.
૧૨૫ જે ક્રોડો ગમે બાહ્ય શત્રુઓને જીતી શકે તે પણ તત્ત્વ જ્ઞાન વગર અંતર શત્રુઓને જીતવા સમર્થ થઈ ન શકે.
૧૨૬ રસના લુબ્ધ બનેલો જીવ કંઇ પણ ચેતી શકતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૨૭ રાગાદિકથી વ્યાકુલ થયેલું ચિત્ત વિષયરસમાં પ્રવર્તે છે અને વિવિધ વિષયોમાં પ્રવૃત્ત થયેલા જીવને કર્મનો સંચય વધતો જાય છે.

૧૨૮ લોભીને અર્થ આપવા વડે, ક્રોધીને મધુર ભાષણવડે, કપટીને વિશ્વવાસ રાખ્યા વગર, અભિમાનીને નમ્રતા વડે, ચોરને જાપતા વડે, અને પરસ્ત્રીલંપટને સારી બુદ્ધિનો ઉપયોગ કરવા વડે, વિદ્વાનો વશ કરી શકે છે.

૧૨૯ પંડિત જનોએ જગતમાં વ્યવહાર માર્ગનું ઉલ્લંઘન કરવું ન ઘટે.

૧૩૦ પ્રાણીઓની ચિત્ત વૃત્તિઓ જુદા જુદા પ્રકારની હોય છે.

૧૩૧ વિદ્યા અને ધ્યાન યોગમાં સ્થિરતા ભારે હિતકારી નીવડે છે.

૧૩૨ સદ્વિદ્યાની વૃદ્ધિયુક્ત સદ્ધ્યાન યોગે ક્ષમાદિક સદ્ગુણ સેવવાવડે રાગદ્વેષાદિક ઉપદ્રવો શીઘ્ર નષ્ટ થઇ જાય છે.

૧૩૩ ઉદાર આશયવાળા અને અમ્રત સમાન સાર બોધ આપનારા આચાર્ય ભગવંતો હોય છે.

૧૩૪ અલ્પજ્ઞ પુરૂષ શાસ્ત્રના વિભાગ (ઉત્સર્ગ—અપવાદ, નિશ્ચય વ્યવહાર, દ્રવ્યક્ષેત્ર કાળ ભાવાદિક) જાણી શકતો નથીજ.

૧૩૫ વિચારી કામ કરનાર અશક્ય અર્થમાં કેમ પ્રવર્તે ?

૧૩૬ વિષવૃક્ષને પણ વધારી જાતે તેને છેદવું અયુક્ત.

૧૩૭ ખરેખર સંત—સાધુજનો રાગ દ્વેષાદિક વિકાર રહિત હોય છે.

૧૩૮ ગુરૂનો વિનય સાચવવા તત્પર રહેનારી કાયા, ગુરૂના ગુણ ગાનારી વાણી અને ગુરૂમાં રંગાયેલું મન ખરેખર પ્રશંસવા યોગ્ય છે. (સદ્ગુરૂવર શુદ્ધ દેવ સમાન સત્કારવા યોગ્ય છે)

૧૩૯ સંત જનો દાક્ષિણ્યતાથીજ અન્ય કૃત પ્રાર્થના અવગણતા નથી.

૧૪૦ દોષિતમાં પણ ગુણનો આરોપકારી લેનાર અને સહુને આનંદ ઉપજાવનાર અચિન્ત ચિન્તામણિ જેવો અજબ સજ્જનની પ્રકૃતિનો ગુણ હોય છે.

૧૪૧ ગુણી જનો પ્રત્યે પક્ષપાત કરવો મહાપુરૂષોને ઉચિત છે.

૧૪૨ પરવશતા માત્ર દુઃખ રૂપ છે. સુકૃત્યો વડે પાપ માત્ર દૂર થાય છે.

૧૪૩ સર્વ કંઇ સત્ત્વમાં રહેલું છે. મહાપુરૂષોનું બધું મહાન્ હોય છે.

૧૪૪ આત્મવશ બધું સુખરૂપ છે. જેવી ભવિતવ્યતા તેવાજ સહાયક મળી આવે છે.

૧૪૫ સ્વકાર્ય—સ્વાર્થની ઉપેક્ષા કરીને પરોપકાર કરવા સંતો સહેજે સદા ઉદ્યમી હોય છે.

૧૪૬ સાધુજનો સ્વપ્ને પણ સ્વકાયાનું સુખ વાંછતા નથી.

૧૪૭ સજ્જનો આરંભેલું કાર્ય તજી દેતા નથી. સારી રીતે પરખી લીધેલું હોય તેજ કાર્ય સારૂં.

૧૪૮ શંકીત અર્થ છતે કાળ વિલંબ કરવાથી સુખી થવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૪૯ પાપી લોકો સાથે સંબંધ રાખવો સર્વ પ્રકારના અનર્થને પેદા કરનાર જાણવો.
૧૫૦ ક્ષત (ઘારા) ઉપર ક્ષાર નાંખવા જેવું કૃપાળુ સજ્જનો તો નજ કરે.
૧૫૧ ક્ષમા–સહનશીલતા–સમતા વગરના સઘળા ગુણો એકલા શોભા પામતા નથી.
૧૫૨ જ્ઞાનીના રૂપ (આકૃતિ) થી જાતિ ઓળખાય છે. જાતિથી શુભાશુભ આચાર જણાય છે. સદાચારથી ગુણો પ્રકાશે છે અને સદ્ગુણોવડે સત્ત્વ ઝળકી નીકળે છે.

મુર્ખ શતક

(લે૦ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ)

૧ અધિકારધારી કામદાર ઉપર સ્નેહબદ્ધ આશા રાખનાર.
૨ મંત્રી નિર્દય–દયાહીન હોવા છતાં નિર્ભયતા માનનાર.
૩ કૃતઘ્નનું હિત કરી તેની પાસેથી પ્રત્યુપકારની આશા રાખનાર.
૪ નિર્ગુણ (બે કદર) ની પાસે ગુણ–લાભ મેળવવા ઇચ્છનાર.
૫ શરીર નીરોગી છતાં દવા દારૂ કરતો રહી શરીર બીગાડનાર.
૬ શરીરે રોગીલો છતાં પથ્ય પાળવામાં ઉપેક્ષા કરનાર.
૭ લોભવશ ખર્ચના ભયથી સ્વજન કુંટુંબી સાથે સંપ રાખવાને બદલે તેમની સંગાતે કલેશ–કુસંપ કરનાર.
૮ તથા પ્રકારના વચન યોગે મિત્રથી વિરક્ત થઇ જનાર.
૯ ગુણ–લાભ મળવાના પ્રસંગે આળસ કરનાર.
૧૦ પૈસાપાત્ર છતાં કલેશ–કુસંપમાં પ્રીતિ રાખનાર.
૧૧ કોઇ જ્યોતિષી (જોશી) ના કથન ઉપરથી રાજ્યની ઇચ્છા રાખી સ્વ ઉચિત આચરણની ઉપેક્ષા કરી લેનાર.
૧૨ મૂર્ખ–નિટોલની સલાહ મુજબ ચાલનાર.
૧૩ દુર્બળ–અનાથ–ગરીબને પીડા ઉપજાવવામાં બહાદુરી લેખનાર, સંરક્ષણ કરવાને બદલે તેને સતાવનાર.
૧૪ પ્રગટ–પ્રસિદ્ધ દોષ (કલંક) વાળી સ્ત્રી ઉપર પ્રીતિ રાખનાર–તેની સાથે અનુચિત વ્યવહાર કરનાર.
૧૫ વિદ્યા–વિજ્ઞાન–કળાનો અભ્યાસ કરવામાં મંદ આદર કરનાર (ઉત્સાહ વગરનો–મંદ ઉત્સાહી.)
૧૬ અન્યાએ કમાઇ સંચય કરેલ દ્રવ્યને ઉડાવી દેનાર.
૧૭ વિવેકશૂન્યતાવડે રાજાદિક જેવો દબદબો રાખનાર.
૧૮ જાહેર રીતે રાજાદિક મોટા લોકોની નિંદા કરનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૯ દુઃખ આવી પડતાં દીનતા અને ચિન્તા કરનાર.

૨૦ સુખી સ્થિતિમાં ઉન્માદવશ દુર્ગતિને વિસરી જનાર અને સ્વેચ્છા મુજબ ગમે તેવાં નિન્દ્ય કામો કરનાર.

૨૧ નજીવા તુચ્છ લાભની ખાતર હદ ઉપરાંત ખર્ચ કરી નાંખનાર, લેવાનું દેવું કરનાર.

૨૨ પરીક્ષા—ખાત્રી કરવા ખાતર ઝેર ખાનાર.

૨૩ સુવર્ણ સિદ્ધિ પ્રમુખ કરવાની લાલચે પોતાના પાસેની મૂડી ગુમાવી નિર્ધન દરિદ્ર બની જનાર.

૨૪ ધાતુ—રસાયણ ખાઇને સ્વવીર્ય—ધાતુનો નાશ કરનાર.

૨૫ પોતાનામાં મોટાઇ માની (કલ્પી) મોટા ગુણીજનોથી અતડો રહેનાર હુંપદ લાવી કોઇને હીસાબમાં નહીં ગણનાર—મદ અહંકાર ગર્વ કરી અંતે નીચો પટકી પડનાર.

૨૬ ક્રોધ—કષાય વશ થઇ આત્મઘાત કરવા તત્પર થનાર.

૨૭ નિત્ય જ્યાં ત્યાં વિના પ્રયોજને ગમનાગમન કરનાર અથવા જેમાં કશું વળે નહીં એવાં નકામાં કામ કરનાર.

૨૮ ઘા વાગ્યા છતાં યુદ્ધનો તમાશો જોવા ઇચ્છનાર.

૨૯ સમર્થ—બળીયા સાથે બાથ ભીડી (કલેશ કરી) વૈર બાંધી સ્વશક્તિ (અર્થ બળાદિક) નો ક્ષય કરી નાંખનાર.

૩૦ અલ્પ મુડી છતાં ભારે મોટો (ખોટો) આડંબર રાખનાર.

૩૧ પોતાને પંડિત માની લઇ અહંકારવશ જ્યાં ત્યાં જેમ તેમ બકવાદ—વાદ વિવાદ—વિતંડાવાદ કરનાર.

૩૨ પોતાને શૂરો (બહાદૂર) લેખી બેદરકાર બની કોઇની કશી બીક (ભીતિ) નહીં રાખનાર.

૩૩ આપ સ્તુતિ કરાવવા વડે અન્ય જનોને ઉદ્વેગ કરવનાર.

૩૪ હાંસી ગર્ભિત (નર્મ) વચનો વડે અન્યનાં મર્મને ભેદનાર.

૩૫ નબળી સ્થિતિવાળા પાસે સ્વ દ્રવ્ય રક્ષણાર્થે થાપણ મુકનાર (અને પછી પાછું ન મળે તેથી પસ્તાવો કરનાર.)

૩૬ શંકાશીલ કાર્ય કરવામાં સ્વ દ્રવ્યનો વ્યય કરી દેનાર.

૩૭ વગર વિચાર્યું ખર્ચ કરી નાંખી પાછળથી હીસાબ જોઇ મનમાં ખેદ—શોક કરનાર, અતિ ઉડાઉ બનનાર.

૩૮ નશીબ ઉપર આધાર રાખી સ્વ પુરૂષાર્થ તજી દેનાર.

૩૯ પોતે નિર્ધન તથા વાતનો રસીયો બની સ્વઉચિત વ્યવસાયમાં ચિત્ત પરોવી કામ નહીં કરનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૪૦ માત પિતા અતિથિ પ્રમુખની ભક્તિ કરવી ભૂલી જનાર.
૪૧ પોતે નમ્રતા ક્ષમાદિક ગુણ રહિત છતે કુળનો મદ કરનાર.
૪૨ કઠોર સ્વર છતાં (સભા સમક્ષ) ગાયન કરવા બેસનાર.
૪૩ સ્ત્રીના ભયથી (ઉચિત) કાર્ય નહીં કરનાર. (ડરપોક)
૪૪ કૃપણતા વડે દરિદ્ર જેવી દશાને પ્રાપ્ત કરનાર.
૪૫ પ્રગટ દોષવાળા દુષ્ટ જનોની પ્રશંસા કરનાર.
૪૬ પોતાના અપલક્ષણ વડે સભામાંથી બહિષ્કૃત થનાર.
૪૭ સંદેશો પહોંચાડવા કાસદી કરનાર છતાં સંદેશોજ ભૂલી જનાર. (શુન્ય હૃદયનો બેકાળજી દૂત.)
૪૮ ખાંસીનું દરદ છતાં ચોરીનું સાહસ કરનાર.
૪૯ જશ કીર્તિ માટે ભોજન પાછળ પુષ્કળ ખર્ચ કરનાર.
૫૦ પોતાની પ્રશંસા કરવા માટે થોડું જમી ઉઠી જનાર.
૫૧ તુચ્છ ફળાદિક અથવા શાકાદિક ખાવામાં અતિ આસક્તિ રાખનાર.
૫૨ કપટભર્યા ચાટુ વચનથી (ખુશામતથી) છેતરાઈ જનાર.
૫૩ વૈશ્યાની પેરે શત્રુ સાથે કલેશ-કંકાસ કરનાર.
૫૪ બે જણ ખાનગી વાત કરતાં હોય ત્યાં વગર રજાએ જનાર.
૫૫ રાજાની મહેરબાની પામી, તે કાયમ ટકી રહેશે એમ માની બેસનાર અને વખતે છેતરાઈ બેસનાર.
૫૬ અન્યાય-અનીતિનો માર્ગ આદરી મોટાઈ (પ્રભુતા મેળવવા ઇચ્છા રાખનાર.
૫૭ પોતે નિર્ધન-દ્રવ્યહીન છતાં પૈસા વડે બની શકે એવા કાર્ય કરવાની અભિલાષા રાખનાર.
૫૮ ગુપ્ત-ખાનગી રાખવા જેવી વાત જ્યાં ત્યાં પ્રગટ કરી દેનાર. (અને પાછળથી પસ્તાવો કરનાર)
૫૯ જશ કીર્તિના લોભથી અજાણ્યા-અપરિચિત (કાર્ય અથવા માણસાદિક)નો સાક્ષી-જમીન-ટ્રસ્ટી થવા રૂપ ભારે જોખમ ખેડનાર.
૬૦ હિત શિક્ષા (શિખામણ) આપનાર ઉપર નકામો મત્સર (વિશેષ) કરનાર.
૬૧ પાત્રાપાત્રની પરીક્ષા વગર વિવેક રહિત સહુ ઉપર વિશ્વાસ રાખનાર.
૬૨ યથાર્થ લોક વ્યવહારને નહી જાણનાર (અને નહી પાળનાર)
૬૩ ભિક્ષુક પરોપજીવી છતાં ગરમ ગરમ તાજી રસોઇ ખાવાની ઇચ્છા રાખનાર.
૬૪ ગુરૂપદ ધાર્યા છતાં સ્વ ઉચિત કરણી શિથિલતા-મંદ આદર રાખનાર.
૬૫ કુકર્મ-નીચ-નિન્દ્ય કાર્ય કરતાં છતાં લગારે લજ્જા (શરમ) નહીં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાખનાર, પ્રગટપણે લાજ શરમ તજી નીચ કર્મ કરી કુલ મારનાર (અને પશુ જીવન જીવનાર.)

૬૬ ઠાવકુ મોઢું રાખીને બોલવાને બદલે (ખડખડ) હસતો હસતો બોલનાર, આ મૂર્ખ શતકનો ભાવાર્થ સમજી જે ભવ્ય જનો પારકાં છિદ્ર નહિ તાકતાં પોતાની ભૂલો શોધીને સુધારશે તે જરૂર સુખી થશે. ઇતિશમ્.

ગ્રંથાવલોકન.

૧ **સપ્તભંગીપ્રદીપ**—પદાર્થોનું પ્રતિપાદન કરવાનું તેમજ જૈન દર્શનના અવલોકન માટે આ એક ન્યાયનો ઉત્તમ ગ્રંથ છે. આ ગ્રંથમાં સાત નયનું સ્વરૂપ આપવામાં આવેલ છે. જૈન દર્શનનું અવલોકન કરવા માટે સ્યાદ્વાદ, નયવાદ અને સપ્તભંગી આ ત્રણ તત્વો આ ગ્રંથના લેખક મહાત્મા બતાવે છે તેમ તે ઘણાજ ઉપયોગી છે. જેમાંથી આ ગ્રંથ સપ્તભંગીનું સ્વરૂપ બતાવનારો છે, આ ગ્રંથમાં સાત પ્રકરણો પાડી વિષયને ઘણોજ સ્ફુટ કરવામાં આવ્યો છે. આવા ગહન ગ્રંથોના ભાષાંતરો આવા સ્વરૂપમાં પ્રકટ થવાની જરૂર છે.

આ સભા તરફથી પણ નયમાર્ગદર્શક નામનો ગ્રંથ ભાષાંતર અને વિવેચન સાથે પ્રથમ પ્રકટ કરવામાં આવેલ હતો. પરંતુ આ ગ્રંથના કર્ત્તા મહાશય ન્યાયતીર્થ પ્રવર્તક શ્રીમાન મંગલવિજયજી મહારાજ ખરેખર વિદ્વાન હોવાથી તેમને હાથે તૈયાર થયો છે તો આ ગ્રંથ પણ ઉપયોગી થાય તે નવાઇ જેવું નથી, કેટલેક સ્થલે શંકા સમાધાન, અન્યદર્શનીઓએ કરેલા આક્ષેપોના ખુલાસા તેમજ જૈન દર્શન સાથે બીજા દર્શનો કેટલા અંશે મળતા છે તેનું વિવેચન વિગેરે બહુ સારી રીતે આપી ગ્રંથની રચના સારી બનાવી છે જેથી ગ્રંથ બહુ ઉપયોગી બનેલ છે. પ્રગટકર્તા યશોવિજયજી જૈન ગ્રંથમાળા ભાવનગર કિંમત ૦–૮–૦

૨ **તત્ત્વાખ્યાન પૂર્વાર્દ્ધ**—આ ગ્રંથ તત્વજ્ઞાનનો હોઇ તેમાં ષડ (૭) દર્શનોનું સ્વરૂપ સ્ફુટ રીતે આપવામાં આવેલ છે. સંસ્કૃત ભાષાના અજ્ઞ પુરૂષોને આવા અપૂર્વ ગ્રંથના ભાષાંતરો અને વળી તે ન્યાયતીર્થ શ્રીમાન પ્રવર્તકજી શ્રી મંગલવિજયજી મહારાજ જેવા વિદ્વાન મુનિવર્યની કલમથી તૈયાર થઇ પ્રગટ થાય તે તેના અધિકારી અને જાણકાર માટે ઉપયોગી બને તેમાં નવાઇ જેવું નથી. આ ગ્રંથમાં સાંખ્ય, બૌદ્ધ નૈયાયિક, વૈશેષિક એ ચાર દર્શનનું સ્વરૂપ આપવામાં આવેલુ છે જે ઘણું સરલ અને સ્ફુટ રીતે આપવામાં આવેલ છે. પ્રકટકર્તા શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ભાવનગર રૂ ૧–૦–૦

શ્રી લીંબડી શ્વેતાંબર જૈન મૂર્તિપૂજક બોર્ડીંગ હાઉસનો બીજા તથા ત્રીજા વર્ષનો રીપોર્ટ.

ઉપરોક્ત રીપોર્ટ અમોને મળ્યો છે. સાધન વગર કેળવણી લેતાં અટકી પડતાં વિદ્યા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ર્થીઓ માટે આ શહેરમાં ઉપરોકત સંસ્થા ત્રણ વર્ષથી સ્થાપન થયેલ છે. તેનો લાભ આ શહેરના અને તેની આસપાસના નાના ગામોને પણ મળે તે સ્વભાવિક છે. હાલમાં આ સંસ્થા પોતા માટે એક નવું મકાન બંધાવે છે. જેથી તે ભવિષ્યમાં સ્થાયી થશે તેમ માની શકાય છે. આ સંસ્થાના કાર્યવાહકોની ખંતથી એક સારા ફંડ સાથે છેવટે પોતાનું મકાન બનાવી શકી છે. તેટલુંજ નહીં પણ બંધારણ, વ્યવસ્થા કાર્યક્રમ પણ બરોબર ચાલે છે તેમ રીપોર્ટ વાંચતાં માલમ પડે છે. આ શહેરના નામદાર ડાક્ટર સાહેબ પણ આ ખાતું કેળવણીનું હોઇ તેના ઉપર સારી લાગણી ધરાવે છે જે ખુશી થવા જેવું છે. એક સારી રકમ કે જેના વ્યાજમાંથીજ આ સંસ્થા ચાલે તેવું કરવા તેની કમીટીને અમો સુચના કરીયે છીયે. આવા ખાતામાં વિદ્યાર્થીઓની શારીરિક સ્થિતિ તેમજ વર્તન ઉપર બારીકીથી નિરંતર ધ્યાન આપવા તેના કાર્યવાહકોને જણાવીએ છીએ. છેવટે તેની ભવિષ્યમાં આબાદી ઇચ્છીએ છીએ.

મહુવા યશોવૃદ્ધિ જૈન બાળાશ્રમનો રીપોર્ટ.

સં. ૧૯૭૩ થી સં. ૧૯૭૬ સુધીનો ત્રણ વર્ષનો રીપોર્ટ ઉપરોક્ત સંસ્થાનો અમોને મળ્યો છે. મહુવાની આસપાસના નાના નાના ગામોમાં જ્યાં કેળવણી લેવાના સાધનનો અભાવ હોય છે ત્યાં પાસેના મોટા ગામમાં માધ્યમીક અને ઉંચી કેળવણી લેવાના સાધન તરીકે આવું ખાતું આ શહેરમાં સ્થાપન થયેલ છે તે ખરેખરી રીતે તેની જરૂરીયાત સુચવે છે. આવી રીતે દરેક મોટા નાના શહેર અને કસ્બાઓમાં જરૂરીયાત છે. શ્રાવકક્ષેત્રની ઉન્નતિનું પ્રથમ પગથીયું કેળવણી હોવાથી આવી સંસ્થાઓ જેમ બને તેમ વધારે ખોલવાનો સમાજે પ્રયત્ન કરવાની જરૂર છે. આ સંસ્થાનો જન્મ આપવાનો ઉપદેશ આચાર્ય શ્રી વિજયધર્મસૂરી મહારાજે કરવાથી શેઠ કસળચંદ કમળશીની ઉદાર મદદથી તે શરૂ થયેલ છે. તે શહેરના અન્ય બંધુઓએ પણ તેમાં ફાળો આપ્યો છે, એકંદર રીતે તેની વ્યવસ્થા, બંધારણ વગેરે યોગ્ય છે અને કાર્યની ચોખવટ છે જેથી તેના કાર્યવાહકોની તે કાળજીનું પરિણામ છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

શ્રી ભાવનગર જૈન વિદ્યાર્થી કેળવણી ફંડનો રીપોર્ટ.

ભાવનગર જૈન યુવકમંડળ જે જે કાર્ય કરી રહેલ છે તેમાં આ કેળવણીને ઉત્તેજનનું કાર્ય જે એક ખરેખર ઉપયોગી અને મુખ્ય છે. આ તેનો પ્રથમ વર્ષનો રીપોર્ટ છે. ગુજરાતી ચોથા ધોરણથી મેટ્રીક સુધી ભણતાં વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આ વર્ષમાં આપવામાં આવેલ છે. વળી તેની વહેંચણી બરાબર થાય તેને માટે ડીરેકટરી પણ કરેલ છે સાથે શારીરિક તપાસ કરી તે બાળકોના વડીલોને સુચના પણ કરેલ છે જે પ્રયત્ન ખરેખર અગત્યનો હોઇ તે કાર્ય ખંત પૂર્વક થયેલું જોઇ શકાય છે. ધાર્મિક અભ્યાસ માટે રીપોર્ટમાં સંતોષ જણાવેલ નથી તેને માટે અત્ર ચાલતી શ્રી વૃદ્ધિચંદજી જૈન પાઠશાળાને જવાબદાર ગણી છે તે યોગ્ય છે. આ ખામી માટે અત્રના શ્રી સંઘની કમીટીમાં પણ તે શાળાની જુની કમીટીમાંનો ફેરફાર કરવા, કેટલોક વ્યવસ્થાક્રમ ફેરવવા અને તેને ઉન્નતદશાએ લઇ જવા ફેરફારો કરવા તે કમીટીના અમુક આગેવાનોને કહેવામાં આવતાં આ શાળા શ્રી સંઘની માલેકીની છતાં તે વખતે પોતાની માની જોરહુકમી ચલાવી તેમાં કાંઇ પણ ફેરફાર કરવાને કે તે ચલાવી શકે, ધ્યાન આપી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શકે તેવા કોઇને સોંપવાને કે કોઈ પણ જાતનો ફેરફાર કરવાને તે કમીટીના અમુક આગેવાનો તૈયાર નથી અને ઇચ્છતા નથી. આ સંબંધમાં હાલ વધારે લખવાની જરૂર નથી, પરંતુ આ શાળાની તે ખામી માટે આ મંડળ પોતાને ત્યાં તે શરૂ કરાવવા ઇચ્છા રાખે છે તેને બદલે આ ચાલતી પાઠશાળાને યોગ્ય માર્ગે લઇ જવા પ્રયત્ન કરશે એવું અમો સુચવીયે છીયે. આ મંડળના સ્કોલરશીપ વિ. કાર્ય માટે અમો તેમને ધન્યવાદ આપીયે છીયે.

વર્તમાન સમાચાર.

પાલીતાણા શ્રી યશોવિજય જૈન ગુરૂકુળના નવા મુકામને ખુલ્લુ મુકવાને થયેલ ભવ્ય મેળાવડા અને મહોત્સવ.

પાલીતાણા ખાતે ચાલતા શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ જે કે સ્ટેશનના નજીક આવેલ છે. તેનું જુનું મકાન જીર્ણ થઇ ગયેલ હોવાથી તેમજ આ ગુરૂકુળની વિદ્યાર્થીઓ ભણવા માટે ગામમાં દૂર સ્થળે સ્કુલમાં જતાં હોવાથી, ઉનાળા તથા ચોમાસામાં પડતી વિટંબનાને લઇને તેમજ ધાર્મિક શિક્ષણમાં પડતી અગવડતાને લઇને સ્વતંત્ર નિશાળ સ્થાપન કરવાની હોવાથી આ સંસ્થાની કમીટીએ એક મકાન કે જેમાં વિદ્યાર્થીઓ રહી શકે અને નિશાળ પણ રહી શકે તેવું ભવ્ય (સુખ શાંતિ) વાળું મકાન તૈયાર કરેલ હોવાથી તેનું વાસ્તુ (પ્રવેશ) મહોત્સવ વૈશાક વદી ૧૦ના રોજ ધાર્મિક ક્રિયા પ્રમાણે કુંભ સ્થાપના વગેરે કરી, તેમજ વૈશાક વદી ૧૧ ના રોજ સવારમાં નિશાળ સ્થાપના કરવાનું મુહુર્ત હોવાથી શ્રી ચતુંવિધિ સંઘ સમક્ષ પ્રથમ પરમાત્મા ગુરૂ જ્ઞાન અને સરસ્વતીનું વિધિ સહીત પૂજન કરી વાસ ક્ષેપ લઇ પ્રથમ ધાર્મિક પછી નિશાળની ગુજરાતી ચોથી ચોપડીથી ઇંગ્રેજી પાંચમા ધોરણ સુધીના વર્ગ વાર અભ્યાસ શરૂ કરવામાં આવ્યો હતો, આ દિવસે પાલીતાણાના નેકનામદાર માહારાજા સાહેબના મુબારક હસ્તે મકાન ખોલાવવાની શુભ ક્રિયા થવાની હતી, પરંતુ અકસ્માત અડચણ આવી પહોંચવાથી આ કમીટીના પ્રમુખ શેઠ જીવણચંદભાઇ ધરમચંદ ઝવેરીના મુબારક હસ્તે ખુલવાની ક્રિયા કરવામાં આવી હતી. જે વખતે આ સંસ્થાનો ટુંક રીપોર્ટ તેમજ પાલીતાણાના નેકનામદાર ઠાકોર સાહેબનું ભાષણ વગેરે મેળાવડા સમક્ષ વાંચવામાં આવ્યું હતું કે જેમાં નેકનામદાર મહારાજા સાહેબની આ સંસ્થા પર પ્રેમમય લાગણીનું દિગ્દર્શનથતુ હતું. વૈશાક વદી ૧૨ના રોજ વિદ્યાર્થીઓની ધાર્મિક પરિક્ષા લેવાયેલી જેથી ઇનામનો મેળાવડો પણ કરવામાં આવ્યો હતો. આ ત્રણે માંગલ્ય દિવસો એ પરમાત્માની પૂજા ભણાવવામાં આવી હતી. રાત્રિના ભાવના થતી હતી. સ્વામીવાત્સલ્ય પણ કરવામાં આવ્યા હતા. મુંબઇ, ભાવનગર અને સ્થાનિક કમીટીના સભાસદો તેમજ અન્ય બહાર ગામના ગૃહસ્થોએ હાજરી આપી લાભ લીધો હતો. નિશાળ ખોલવાની ક્રિયા બહુજ સારી રીતે હૃદયના પૂર્ણ આનંદથી ઉત્તમ પ્રકારની ક્રિયાથી થયેલ હોવાથી પ્રાચીન ગુરૂકુળોની ઝાંખી થતી હતી કે જે વખતનો દેખાવ અપૂર્વ અને ખેંચાણકારક હતો એ રીતેની માંગલ્ય ક્રિયા કરવામાં આવી હતી. આ સંસ્થાની કમીટીનાં કાર્યવાહકો પૂર્ણ ઉત્સાહી હોવાથી થોડા વખતમાં સ્વતંત્ર વિદ્યાલય ઉદ્યોગ શાળા વિગેરે ઉત્તમ કાર્યો કરી શકેલ છે. જેને માટે અમો તેમને ધન્યવાદ આપીયે છીયે, આ સંસ્થાની ભવિષ્યમાં સંપૂર્ણ ઉન્નતિ અને આબાદી ઇચ્છીયે છીયે. દરેક જૈન બંધુઓને તન મન ધનથી મદદ આપવા નમ્ર સુચના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવ દયાનો સ્તુત્ય પ્રયાસ.

પુણા જીલ્લાના શિરુર્ફળ ગામમાં વૈશાક શુદ ૪ ની દેવીની યાત્રાનાં દિવસે હજારો બકરાઓનો ત્રાસ ઉપજે તેવી રીતે ભોગ અપાય છે જેથી તે બંધ કરાવવા ત્યાંના " જીવદયા પ્રસારક મંડલે " ઉપદેશ આપી હાથે પગે લાગી આ વખતે તેવો ભોગ આપતો બંધ કરાવ્યો છે આઠ-માસથી આ મંડળ તેવો પ્રયત્ન કરે છે. આ જીલ્લામાં ઘણે સ્થળે તેવા ત્રાસ દાયક ભોગ ધર્મના બ્હાને અપાય છે જેથી એ ચાર મુનિ મહારાજ વિહાર કરી અત્રે પધારી ઉપદેશ આપી આ મંડળને મદદ કરેતો ઘણા જીવોનો ભોગ અપાતો બંધ થશે તે વખતે પટેલ કોળી અને અન્ય લોકો એ ઘણીજ મહેનત બંધ કરાવા લીધી છે તો ગુજરાત કાઠીયાવાડમાંજ માત્ર વિચરનારા કે એકજ સ્થળે લાંબો વખત રહેનારા કે જીવદયાને વહાલી ગણનારા હે મુનિમહારાજ અત્રે પધારો તમારો તે ધર્મ સંભાળો ઉપદેશ આપી અમારા કામને જલદી મદદ-આપો એવી રીતે અમોને બારામતીના રહીશ શેઠ કસ્તુરચંદ રાયચંદ લખી જણાવે છે,

શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગરનો વાર્ષિકમહોત્સવ. તથા શ્રીમાન્ વિજયાનંદસૂરી આત્મારામજી મહારાજની જયંતી.

ચાલતા માસ જેઠ શુદી ૭ નાં રોજ ભાવનગરમાં આ સભાની વર્ષગાંઠ નિમિત્તે અને જેઠ શુદી આઠમના રોજ શ્રી સિદ્ધાચળજી ઉપર સ્વર્ગસ્થ મહાત્મા શ્રીમદ્ વિજયાનંદસુરિ (આત્મા-રામજી મહારાજ) ની સ્વર્ગવાસ તિથિ નિમિતે નીચે મુજબ મહોત્સવો કરવામાં આવ્યા હતા.

૧ શ્રી જૈન આત્માનંદ સભાને સ્થાપન થયાં પચીશ વર્ષ પુરા થઇ છવીશમું વર્ષ શરૂ થવાથી આ માસની શુદી ૭ ના રોજ સભાની વર્ષગાંઠ હોવાથી આ ઉત્તમ પ્રસંગને માટે પ્રથમ આમંત્રણ પત્રીકાઓ છપાવી બહાર ગામના મેમ્બરોને મોકલવામાં આવી હતી.

જેઠ શુદી ૭ ના રોજ દરવર્ષ મુજબ વાર્ષિક મહોત્સવ સભાના મકાનને ધ્વજાપતાકા તોરણથી શણગારી તેમાં પ્રથમ સ્વર્ગવાસી પૂજ્યપાદ ગુરૂરાજશ્રીની છબી પધરાવી મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત શ્રી રૂષીમંડલની પૂજા ભણાવવામાં આવી હતી; જે વખતે મેમ્બરો ઉપરાંત અન્ય ગૃહસ્થોએ પણ સારી સંખ્યામાં હાજરી આપી હતી. અને સ્વામીવાત્સલ્ય પણ વોરા હઠીશંગભાઇ ઝવેરચંદ તરફથી કરવામાં આવેલ હતું. ત્યાર બાદ જેઠ શુદી ૭ ના રોજ સાંજની ટ્રેનમાં આ સભાના સભાસદો શ્રી સિદ્ધાચલજી ગયા હતા.

૨ જેઠ શુદી ૮ ના રોજ સવારના શ્રી સિદ્ધાચલજીના ડુંગર ઉપર મોટી ટુંકમાં જ્યાં સ્વર્ગવાસી ઉક્ત મહાત્માની મૂર્તિ સ્થાપન કરવામાં આવેલી છે ત્યાં ગિરિરાજ ઉપર શ્રી આદિશ્વર ભગવાન, શ્રી પુંડરિકજી મહારાજ, શ્રી શાંતિનાથજી મહારાજ, પાદુકા અને શ્રી આત્મારામજી મહારાજની મૂર્તિને સુંદર આંગી રચવામાં આવી હતી. અને યાત્રા, પૂજા, ભાવના વગેરે ઉત્તમ કાર્યો કરવામાં આવ્યા હતા. તેમજ શ્રી નવાણું પ્રકારી પૂજા (મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત) ભણાવવામાં આવી હતી અને સ્વામીવાત્સલ્ય પણ કરવામાં આવ્યું હતું. એ રીતે ગુરૂરાજની જયંતી ઉજવવામાં આવી હતી. આ જેઠ શુદી ૮ ની જયંતીનો સઘળો ખર્ચ આ સભાના શ્રી જામનગર નીવાસી માનવંતા લાઇફ મેમ્બર શેઠ મોતીચંદભાઈ હેમરાજ ઝવેરી-એ ઉદારતાથી આપ્યો હતો. ભાવનગરમાં થયેલ સભાની આ વર્ષગાંઠ વખતે ગુરૂભક્તિના કાર્યમાં અત્ર બીરાજમાન પ્રવર્તકજી મહારાજ શ્રી કાંતિવિજયજી મહારાજ વગેરે મુનિ મહારાજાઓએ પણ ભાગ લઇ ગુરૂભક્તિ કરી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

जयन्ती उत्सव.

आज ज्येष्ठ शुक्ल अष्टमी संवत् १९७८ तदनुसार ता. १३ जुन सन १९२१ को अम्बाला शहरमें अखिल श्वेताम्बर जैनोंकी दुकानें बन्द रहीं। और श्री आत्मानंद जैन सभामें श्री मुनि विजयानंदसूरि महाराजका जयन्ती उत्सव मनाया गया।

प्रातःकाल श्रीलाला चाँदनमलजीने मुनि महाराजका संक्षिप्त चरित्र पढकर सुनाया, और आपने कहा कि उक्त महाराजके शोकमें केवल दो अश्रु ही नही बहाना चाहिये, अपि तु उनके बतलाये हुए सत्यमार्गपर चलकर मुनि महाराजकृत उपकारोंसे उत्तीर्ण होना हमारा कर्तव्य है

तदनन्तर पं. ब्रह्मदत्त शास्त्रीजीने मुनि महाराजका संस्कृत स्तोत्र तथा हिन्दी स्तोत्र सुनाया (जो कि अन्यत्र प्रकाशित हैं)।

तत्पश्चात् जैन हाइस्कूलके विद्यार्थी शालिग्रामने बडी मधुरवाणीसें भजन गाये। एवं बिलायतीराम विद्यार्थीने "जैन धर्मकी प्राचीन तथा अर्वाचीन दशा" विषयक निबन्ध पढा।

तदनन्तर जैन हाईस्कूलके सुयोग्य अध्यापक बिलायतीलालजीने शेर (उर्दू कविता) पढी।

सायंकाल पं० ब्रह्मदत्त शास्त्रीजीका व्याख्यान तथा अन्य कितने ही सज्जनोंके व्याख्यान तथा भजन हुए।

मन्त्री श्री आत्मानंद सभा—अंबालाशहर

गुरु स्तुति.

कालांकवसुचन्द्रार्के ज्येष्ठमासे सिते दले।
प्रतिपद् गुरुवारे सः गुरुरायान्महीतले ॥ १ ॥
यस्मिन् गर्जति संसदि प्रवदिनो दुर्वादवादा जनाः
भेजुः कौशिकवेषमम्बरमणौ दीप्ते दिवावान्तरे।
सोऽष्टम्या दिवसे विहाय भुवनं निर्वाणमाप्तः पदं
न्यायाम्भोधिमहामुनीन्द्रविजयानन्दाभिधः सूरिराट् ॥२॥
सिद्धान्तानखिलान् खलानपि बुधो योऽबोधयद्धार्मिको
दीक्षां नारिनराग्रतान्प्रददे श्रीजैनधर्मस्य च।
सोऽष्टम्या दिवसे विहाय भुवनं निर्वाणमाप्तः पदं
न्यायाम्भोधिमहामुनीन्द्रविजयानन्दाभिधः सूरिराट् ॥३॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ध्वान्तं यो जगतोऽपहाय विततं तेने प्रभां संततं
हार्नल् यस्य कुशाग्रतीव्रधिषणां निर्वर्ण्य पाणिन्धमः ।
सोऽष्टम्या दिवसे विहाय भुवनं निर्वाणमाप्तः पदं
न्यायाम्भोधिमहामुनीन्द्रविजयानन्दाभिधः सूरिराट् ॥ ४ ॥
जैनानां स शिरोमणिर्गुरुवरो विद्वत्समाजाग्रणीः
जैनोद्धारधुरन्धरो मुनिवरो कृत्वा महीं कबराम् ।
सोऽष्टम्या दिवसे विहाय भुवनं निर्वाणमाप्तः पदं
न्यायाम्भोधिमहामुनीन्द्रविजयानन्दाभिधः सूरिराट् ॥ ५ ॥

શ્રી વિજયાનંદ સ્તવ.

ક્ષત્રિય કુલકે રત્ન જૈન મતકે તુમ રક્ષક, કુપથગામિકે સભીતરહસે થે તુમ શિક્ષક;
જય જય વિજયાનંદ શત્રુકે ભી હિતકારી, તુમકો દેખ પ્રફુલ્લિત હોતે થે નરનારી. ૧
જય જય યતિવર સકલ શાસ્ત્રોંકે તત્ત્વજ્ઞાતા, સકલ શક્તિસે મક્ત તુઓંકે તુમ ત્રાતા,
યદપિ તુમારી મનોહારિણી મૂર્તિ નહી હૈ, યશ:પતાકા દિવ્યજનોંકી છિપી કહી હૈ. ૨
અગણિત હી સ્મૃતિ ચિહ્ન તુમારે બને હુએ હૈ. અતુલ ભક્તિમેં જોકિ આજતક સને હુએ હૈ;
દેવનિકેતન ભૂરિ આપને બનવાએ હૈ, જૈનધર્મકે ગુપ્ત તત્ત્વ સબ બતલાયે હૈ. ૩
જૈનધર્મ જો ચલા ગયા થા અસ્તાચલમેં, આજ આપકી કરૂણાસે હૈ ઉદયાચલમેં;
નહીં આપકો ચાહ કભી થી અપને સુખકી, નહિ હુઈ પરવાહ કભી થી અપને સુખકી. ૪
પક્ષપાતકા લેશ આપમેં નહીં રહાયા, જૈનગ્રંથમેં લિખિત તત્ત્વકી સદા કહાયા;
બાલ્યકાલમેં યદપિ પિતા થે સ્વર્ગ સિધારે, સુખ સંપતમેં કમી નહિ થી તદપિ તુમ્હારે. ૫
ખલગણને થા યદપિ આપકો બહુત સતાયા, દૃઢ પ્રતિજ્ઞ હો તદપિ આપને સત્ય બતાયા;
નહીં હુએ ભયભીત કભી ખલકી ખલતાસે, ડરતે હૈ કયા કભી વીરનર વિહ્વલતાસે. ૬
હોર્નલને જો જૈન ધર્મપર પ્રશ્ન કિયે થે, તુમને ઉનકે ઉત્તર ભી બેતોડ દિયે થે;
હોકર હર્ષિત તુમસે વહ ગૌરાંગ મહોદય, દિખાગયા હૈ સ્તોત્ર બનાકર નિજ હર્ષોદય. ૭
રવિસમ આગ્રહ ધ્વાંત નાશ કરને વાલે હો, હિતઉપદેશસુધાસરિતાસમમનવાલે હો;
મુનિવર તુમને સંદેહોંકા નાશ કિયા હૈ, જૈનધર્મકા ધુરા આપને ધાર લિયા હૈ. ૮
અખિલ ધર્માચાર્ય પરિષત્ થી ચિકાગો દેશમેં, આયા વહાંસે થા નિમંત્રણ આપકો મુનિવેશમેં
અત એવ આપ ગયે નહી થે બૈઠ કરકે યાનમેં, પ્રસિદ્ધાતકા શ્રી જૈનમતમેં કયોંકિ દોષ મહાન હૈ. ૯
ભેજે થે તવ વીરચંદ રાઘવજી કિસ વિધિ, સૂર્યકલાસે યુક્ત ચંદ્રમા નિશમેં જિસ વિધિ.
રસનામેં અબ શક્તિ નહિ હૈ અધિકા મુનિવર, જિસસે ગાવે ચરિત આપકા યહ કવિ કિંકર ૧૦

ब्रह्मदत्त शास्त्री

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

---

૧ સુમુખ નૃપાદિમિત્ર ચતુષ્ક કથા શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસ પાટણવાળા તરફથી,
૨ જૈન મેઘદૂત સટીક
૩ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ
૪ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ
૫ અંતગડદશાંગસૂત્ર સટીક ભરૂચ નિવાસી બ્હેન ઉજમબ્હેન તથા હરકોરબ્હેન તરફથી
૬ શ્રી કલ્પસૂત્ર-કીરણાવળી શેઠ દોલતરામ વેણીચંદના પુત્રરત્ન સ્વરૂપચંદભાઇ તથા તે મનાધર્મપત્નિબાઇચુનીબાઇનીદ્રવ્યસહાયથી
૭ ષટ્સ્થાનક સટીક.
૮ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૯ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૧૦ શ્રાવકધર્મ વિધિ પ્રકરણ સટીક
૧૧ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત
૧૨ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૧૩ જૈન ગ્રંથ પ્રસ્તિત સંગ્રહ.
૧૪ લિંગાનુશાસન સ્વોપજ્ઞ (ટીકા સાથે)
૧૫ ધાતુ પારાયણ
૧૬ શ્રી નંદીસૂત્ર-શ્રી હરિભદ્રસૂરિકૃત ટીકા સાથે બુહારીવાળાશેઠમોતીચંદસુરચંદ તરફથી
૧૭ શ્રી અનુત્તરોવવાઈ-શા. કચરાભાઇ નેમચંદ ખંભાતવાળા તરફથી
૧૮ ગુણમાળા (ભાષાંતર) શેઠ દુલભજી દેવાજી રે. કરચલીયા-નવસારી.
૧૯ ઉપદેશ સપ્તતિકા ટીકાનું (ભાષાંતર)
૨૦ શ્રી વિમલનાથ ચરિત્ર ,,
૨૧ દાનપ્રદીપ ,,
૨૨ સંબોધ સિત્તરી ,,
૨૩ ધર્મરત્ન ,,
૨૪ ગુરૂતત્ત્વ વિનિશ્ચય શેઠ પરમાનંદદાસ રતનજી ઘોઘાવાળા, હાલ મુંબઇ.

નંબર ૨૦-૨૧-૨૨-૨૩ ના ગ્રંથોમાં મદદની અપેક્ષા છે.

શ્રીમાન્ ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજ કૃત
શ્રી અધ્યાત્મ મતપરિક્ષા ગ્રંથ.

(મૂળ સાથે ભાષાંતર)

સતરમાં સૈકામાં કે જ્યારે જૈન દર્શનની અંદર પડેલ ભિન્ન ભિન્ન શાખામાં ધર્મ સંબંધી અનેક વિવાદો ચાલતા હતા, તે દરમ્યાન બાળ જીવોને સત્ય શું ? અને શુદ્ધ તત્વો શેમાં છે ! તે શોધવાની મુશ્કેલી જણાતા તેવા જીવોને ઉપકાર કરવા નિમિતેજ આ અધ્યાત્મિક ગ્રંથની ઉક્ત મહાત્માએ રચના કરી છે. શુદ્ધ તત્વના સ્વીકારનેજ આપ્ત પુરૂષો અધ્યાત્મ કહે છે, જેથી તેની પરિક્ષા કરીને ગ્રહણ કરવું જોઇએ તેજ આ ગ્રંથમાં બતાવવામાં આવેલું છે. ગ્રંથની શરૂઆતમાં અધ્યાત્મ કોને કહેવું તેની વ્યાખ્યા સાથે નામ-સ્થાપના-દ્રવ્ય અને ભાવ: એ ચારમાં મોક્ષના કારણ એવા ભાવ અધ્યાત્મ વિષે વિવેચન કરી તેની અંદર જ્ઞાન અને ચારિત્રની ઉચ્ચ ઘટના કેવી રીતે થઇ શકે, તે માટે મહાત્મા ગ્રંથકાર મહારાજે યુક્તિપૂર્વક બતાવ્યું છે, તે સાથે અધ્યાત્મની સિદ્ધિ ક્યારે થઇ શકે તેને અંગે શંકા સમાધાન પૂર્વક અન્ય ગ્રંથોના પ્રમાણ આપી પુરવાર કરી બતાવ્યું છે ! ત્યારબાદ જેમના મતનો વિચાર કર્ત્તવ્ય છે તેવા નામ અધ્યાત્મી કે જે શુદ્ધ અધ્યાત્મથી તેમની હકીકત કેવળ જુદી અને વિરોધી છે અને શુદ્ધ ભાવઅધ્યાત્મજ મોક્ષનું કારણ છે, તેનું સ્ફુટ વિવેચન શ્રીમાન્ ગ્રંથકર્તાએ અસરકારક રીતે બતાવ્યું છે. અધ્યાત્મના ખપી અને રસીકને આ અપૂર્વ ગ્રંથ ખાસ પઠન પાઠન કરવા જેવો છે. કિંમત રૂ.૦-૮-૦ પોસ્ટેજ જુદું. અમારી પાસેથી મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિચાર અને કાર્ય.

" જેમ ઝાડમાંથી ફળ અને ઝરામાંથી પાણી તેમ વિચારમાંથી કાર્યનો ઉદ્દભવ થાય છે. કાર્યનો ઉદ્દભવ કારણ વગર એકાએક થતો નથી. તે તો લાંબા કાળ સુધી ગુપ્ત રીતે વૃદ્ધિ પામેલા કારણનું ફળ હોય છે અને ગુપ્ત રીતે ઘણા વખતથી જે બળની જમાવટ થતી હતી તેનું પરિણામ તે હોય છે. જે જમીન તથા હવામાં કેટલાક કાળ સુધી ગુપ્ત રીતે ક્રિયા થઈ ઝાડમાંથી ફળ અને ખડકમાંથી પાણી નીકળ્યાં તે, તે જમીન તથા હવામાં કુદરતી ક્રિયાના સંયોગનું પરિણામ હોય છે. તેજ પ્રમાણે કેટલાક કાળ સુધી જેવા વિચારો મનમાં ઘોળાયા કરતા હોય તેવા વિચારોનાં ફળ સારાં યા માઠાં પાકે છે, એટલે જ્ઞાનના વિચાર હોય તો સુંદર કાર્યો અને પાપના વિચારો હોય તો કાળાં કર્મો રૂપી ફળ નીપજે છે."

" જે મનુષ્યને બીજા લોકો અડગ નિશ્ચયવાળો માને છે તેમજ તે જાતે પણ તે પ્રમાણે માને છે તેવો કોઈ મનુષ્ય ભારે લાલચને લીધે અઘોર પાપમાં એકાએક ફસાય ત્યારે જે વિચારમાંથી તે કાર્ય નિષ્પન્ન થયું તે વિચારોની ગુપ્ત શ્રેણીને ખુલ્લો કરવામાં આવે તો તેની અધોગતિ એકાએક અથવા વગર કારણે થઈ નહોતી એમ સમજાય છે. આ અધોગતિ તો ફક્ત સમાપ્તિ રૂપે, બાહ્ય દેખાવ રૂપે અને ઘણાં વર્ષોથી જે વિચારો મનમાં ઘોળાયા કરતા હતા તેના આખર પરિણામ રૂપે હતી. તે મનુષ્યે પોતાનાં મનમાં કુવિચારને એક વખત આવવા દીધો અને બીજી તથા ત્રીજી વાર તેને વધાવી લઇ પોતાનાં હૃદયમાં વાસ આપ્યો. ધીમે ધીમે આવા વિચાર કરવાની તેને ટેવ પડી; બાદ તેનું સેવન કરી, મનમાં આનંદ માની, પુષ્ટિ આપતો ગયો. એ પ્રમાણે તેવા વિચારની વૃદ્ધિ થતી ગઇ, જેથી તેમાં એટલી દૃઢતા અને બળ આવ્યા કે તેને તેવી સંધિ મળી અને તેથી તે વિચાર સ્ફુરી નીકળી કાર્ય રૂપે દેખાયો. હરકોઇ ભવ્ય મકાનનો પાયો, પાણીને લીધે ધીમે ધીમે ખણાઈ જતો હોય જેથી તે મકાન છેવટે જેમ પડી જાય છે તેવી રીતે જે અણુ નિશ્ચયવાળો મનુષ્ય પોતાનાં મનમાં દુષ્ટ વિચારોને ઘુસવા દે છે અને પોતાની સાખને ગુપ્ત રીતે ધોકો લગાડે છે તે આખરે પકડ્યા વગર રહેતો નથી."

" જ્યારે પાપ કર્મના અને લોભના વિચારોનો મનમાં ઉદ્દભવ થવાથી સ્વાભાવિક રીતે તેનું પરિણામ તેવુંજ આવે છે એવું મનુષ્યને સમજાય છે ત્યારે તેવા વિચારો દૂર કરવાની તેને સુઝ પડે છે અને તે દૂર થઈ શકશે એમ તે માને છે અને તેની માન્યતા વ્હેલી મોડી ખરી પડે છે. માટે જો કોઈ મનુષ્ય પોતાનાં મનમાં નિર્દોષ શુભ વિચારોને આવવા દઇ તે ઉપર મનન કરી પુષ્ટિ આપ્યા કરે તો તેવા વિચારો, ખરાબ વિચારોની માફક વૃદ્ધિ પામે અને ધીમે ધીમે તેનું બળ વધે અને છેવટે એવા સંજોગો આવી ચઢે કે તે વિચારો પરિપક્વ થઈ ધારેલું શુભ કાર્ય પાર પડે છે. કોઇપણ છાની વાત આખરે પ્રસિદ્ધિમાં આવ્યા વગર રહેતી નથી. તેમજ જે કાંઇ વિચાર મનમાં સેવવામાં આવે તે સૃષ્ટિની સ્વાભાવિક પ્રેરક શક્તિનાં બળે તેના ગુણ દોષ પ્રમાણે સારાં યા માઠાં કર્મ રૂપે આખરે બહાર આવ્યા વિના રહેતા નથી. ધર્મગુરૂ અને વિષય લંપટ બન્ને પોતપોતાના વિચારોનાં પરિણામે તે સ્થિતિએ પહોંચેલા હોય છે અને હાલ તેઓ જે સ્થતિ ભોગવે છે તે સ્થિતિ જે વિચારરૂપી બીજે તેમણે પોતાનાં હૃદયરૂપી બગીચામાં રોપ્યાં અથવા વાવ્યાં અને પાછળથી પાણી પાઇને ઉછેરી કેળવ્યાં તેનાં ફળ રૂપે છે." "સુન્દરી સુબોધ"

For Private And Personal Use Only